કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

માર્ચ/એપ્રિલ–૨૧ વર્ષ : ૫૭

તંત્રી : વિરેન શાં. ધોળકિયા
મો. ૯૪૨૮૭૦૦૧૦૫ (WhatsApp)

બરછી કાર્યાલય C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ,
કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.
email : barchhi@rediffmail.com
www.barchhi.com

## નાગર પરિચય

સુંદરી,કેશ કલ્પી,કામણગારી,ચાંદ–ચકોરી
વિશેષણોથી નવાજાઇ ગૃહિણી નાગરાણી
કવિએ દર્શાવી ઉત્તમ વિચારસારણી
ઈતિહાસના પાને ચમકી 'તાના રીરી'
દિપક તથા મલ્હારના પારખાં કોણે જાણ્યાં?
યાદ કરો તાના રીરીની સંગીત સાધના,
દિપ અગ્નિ તાનસેનનો,તાના રીરીએ ઠાર્યો
છેડી મલ્હાર રાગને ઈશ્વરને સાક્ષાત કર્યો
શું આ નથી નાગરાણીની સર્વમાન્ય સિદ્ધિ?
પાંચ 'પ'ને કેમ ભૂલાય, જે છે ઓળખ આપણી
પાન,પૂજા,પાટીયું,પહેરી અંગે પંચીયું
જો ન કરે પારકી પંચાત, તો નાગર કેમ કહેવાય?
શૂરવીરતા,સાક્ષરતા,નિપુણતા કેમ કરી ભૂલાય
યાદ કરો કવિ નર્મદ,નરસિંહ,ત્રિપાઠી અને શેષને,
સેવા કરી ગુજરાતની, આપી નાગર પહેચાન,
નોંધાયું ઈતિહાસમાં જન્મ્યા અમરજી દિવાન,
રાજનીતિ બાહોશીથી મેળવી સિદ્ધિ અપાર,
થઈ માર્ગદર્શક રજવાડાંનો ને લીધી ચિરઃ વિદાય.
કલમ,કડછી,બરછી નાગરની પહેચાન
જો હોય તેમાં કમી તો નાગર ન કહેવાય.
આ છે આપણી સંસ્કૃતિ, જાણે નાગરી નાત,
ભેદભાવ,દ્વેષભાવ ભૂલી મિલાવીએ કદમ સાથ,
જનતા સેવક 'જનાર્દન'નો આ છે અંતિમ સાદ,
સાથે મળીએ ગુંજાવીએ,'જય હાટકેશ'નો નાદ.
જનાર્દન એન. બુચ, વડોદરા.



# કેશોદનો વિકાસપથ કંડારનાર મૂકસેવક ડૉ. દિનસુખભાઈ વસાવડા

દિનસુખભાઈ વસાવડા જન્મ : તા. ૨૮/૧૨/૧૮૯૫ નિધન : તા. ૧૮/૮/૧૯૭૩ તેથી સ્વાભાવિક છે કે આજે તેમના નામથી કામથી અજાણ સૌ તેમના વ્યક્તિત્વ ને બહુવિધ કાર્યોનો પરિચય મેળવીએ...

મૂળ ગોંડલના વતની દિનસુખભાઈ જુનાગઢ ના નવાબના અંગત ડોકટર હતા. પરંતુ આઝાદી પછી કેશોદના મહાજને સહૃદય નિમંત્રણ આપતા કેશોદને તેમની કર્મભૂમિ બનાવી હતી. તેમની કાર્ય કુશળતાને કારણે તેઓને કેશોદ સુધરાઈના પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવેલ. સહકારી સંઘ,લેંન્ડ મોરગેઝ બેંક,યુવાનો માટે આઝાદ કલબ અને મહિલા માટે પણ તેમણે સામાજીક સંગઠનોની રચના કરી હતી. મહિલાઓને ઉચ્ચતર શિક્ષણ માટે કેશોદમાં પ્રયત્નો કરી એલ. કે. હાઈસ્કુલમાં કોલેજ શરૂ કરવામાં આવેલ. કો. ઓપરેટીવ બેંક પણ એમના સમયમાં સ્થાપવામાં આવેલી. તેઓ જુનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, જુનાગઢ સહકારી મંડળી ના માનદ સભ્ય, લેંન્ડ મોરગેઝ બેંકના વાઈસ ચેરમેન તરીકેના સ્થાન પણ શોભાવ્યાં હતાં. આમનાગરિક પ્રત્યે અપાર કરૂણા તેથી અક્ષરગઢ ટીબી હોસ્પિટલની જમીન પસંદગી અને નાણાની વ્યવસ્થા ઉભી કરવામાં પણ તેઓ નું યોગદાન રહયું હતું. લોકહિતના આવાં અગણિત કાર્યો થકી તેઓએ અપાર લોકચાહના મેળવી હતી.


શહેરના વિકાસ સાથે માનવતા અને કરૂણા સાથે અનેક સામાજિક સેવા કાર્યો બદલ દિનસુખભાઈ વસાવડાને ગુજરાત સરકાર તરફથી 'જસ્ટીસ ઓફ પીસ'નું સન્માન આપવામાં આવેલ.

આઝાદી પછી કેશોદ શહેરના વિકાસની નીવ મૂકનાર નિઃસ્વાર્થ સેવાભાવી દિનસુખભાઈ પાસે કોઈ જમીન,રોકડ કે અંગત મિલકત હતી નહી.કેશોદ મહાજને તેમને પ્લોટ પર મકાન બાંધી આપવા તૈયારી દર્શાવેલી ત્યારે તેઓએ વિનયપૂર્વક અસ્વીકાર કર્યો હતો.અને આજે...!!?

ગાંધીજી ન રહયા છતાં પણ આજીવન ગાંધી ચીંધ્યા માર્ગ પર ચાલનાર પ્રજાના આવા રાહબર સાચા સેવકને શ્રદ્ધાસુમન અર્પીએ.

(અત્રે સાદર નોંધ લઈએ કે તેમના પુત્ર ડો. હૃષીકેશભાઇ વસાવડાએ કેશોદમાં અનેક સેવા કાર્યો તથા તબીબ તરીકે અસંખ્ય દર્દીઓને નજીવી ફી સાથે શ્રેષ્ઠ નિદાન સારવાર કરી જીવનદાન આપી પિતાશ્રી તરફથી મળેલ સેવા વારસો ઉજાળ્યો હતો. તેમનાં પત્ની શ્રીમતી અનીલાબેનએ પણ સમાજસેવિકા તરીકે મહિલા ઉત્થાનમાં પોતાનું યોગદાન આપ્યું હતું. ૠષીભાઇ બાદમાં રાજકોટ સ્થાયી થયા હતા. આજે તેમના પુત્ર સમીર વસાવડા પણ યથાયોગ્ય રીતે ઉપયોગી થઈ–મદદ કરીને આ સેવા વારસો સંભાળી રહયા છે.)

"प्रतिष्ठा तो वही खोजते हैं , जिन्हें आनंद न मिला हो । प्रतिष्ठा का अर्थ है कि हमें भीतर तो कुछ नहीं मिला , तो चलो बाहर के लोग ही कुछ प्रतिष्ठा दे दें , उससे ही शायद ऐसा लगे कि कुछ पा लिया है । प्रतिष्ठा का अर्थ है, दूसरे हमें थोड़ा भर दें , हम तो खाली हैं ।




दूसरे कहें ,
आप सुंदर ;
दूसरे कहें ,
आप शुभ ;
दूसरे कहें ,
आप शिव ;
दूसरे कहें ,
आप साधु -
दूसरे कह दें ;
हम तो भीतर खाली हैं ।
अगर दूसरे न कहेंगे , तो हमारे भीतर कुछ भी नहीं है । प्रतिष्ठा का अर्थ है , उधार , कोई कह दे।" - ओशो



## ભારત સરકારના એઆઇએનના મિશન ડાયરેક્ટર તરીકે ડો. ચિંતન વૈશ્નવની નિયુક્તી

ડો. ચિંતન હર્ષદભાઇ વૈશ્નવ કેન્દ્ર સરકારના અટલ ઇનોવેશન મિશન (એઆઇએન)ના મિશન ડાયરેકટર તરીકે નિયુકત થયા છે. નેશનલ થીક ટેન્કના નીતિ આયોગ અંતર્ગતના આ એઆઇએન મિશનનું લક્ષ્ય ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાનું, નવીનીકરણનું તથા વાઈબ્રન્ટ ઇકોસિસ્ટમ બનાવવાનું છે.

ડો. ચિંતનનો શાળા અભ્યાસ વડોદરા ખાતે થયો શરૂઆતથી જ અભ્યાસમાં તેજસ્વી તેથી બેંગલોર ખાતેથી ઇલે. એન્ડ કોમ્યુનિકેશન વિષય સાથે બી.ઇ.થયા. ૧૯૯૪ માં અમેરિકા ગયા અને ત્યાંની ફોર્ટકોલીન્સ યુનિવર્સિટીમાંથી એમ.એસ.ની અને બાદમાં મેસેચ્યુસેટ ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજી (એમઆઇટી) માંથી સીસ્ટમ એન્જીનિયરીંગમાં પીએચ.ડી.ની પદવી મેળવી. હાલમાં તેઓ આ વિખ્યાત એમઆઇટી માં વ્યાખ્યાતા તરીકે કાર્યરત છે. તેઓ સંશોધન ક્ષેત્રે રૂચિ ધરાવતા હોઇ એમઆઇટી. તાતા રીસર્ચ ઈન્સ્ટીટયૂટમાં જોડાયા અને ડાયરેકટર પદે પહોંચ્યા.

ડો. ચિંતન વડોદરા નિવાસી ડો. હર્ષદભાઇ વૈશ્નવ તથા સૌ. ડો. ઉમાબેન વૈશ્નવના પુત્ર થાય.કાયદાવિદ્ સ્વ. પી.ટી.છાયા તથા સ્વ.સૌ. વિદુલાબેનના દોહિત્ર થાય.તેમનાં પત્ની સૌ. હેતલ જામનગર નિવાસી શ્રી જગદીશભાઇ બુચ તથા સૌ. નીતાબેનનાં પુત્રી થાય.



➡ અમદાવાદ ખાતે છેલ્લા ૧૦ વર્ષથી કન્સલ્ટીંગ હોમિયોપેથ, રેકી હીલર–ટીચર તેમ જ ફીમેલ એન્ડ ચાઇલ્ડ હેલ્થ એજ્યુકેટર તરીકે કાર્યરત ડો. ગ્રીવા પાર્થ માંકડને તેમના જનઆરોગ્ય–સ્વાસ્થ્યમાં વિશિષ્ટ પ્રદાન બદલ OTT India tv દ્વારા Women Achiever's Award 2021 એનાયત કરવામાં આવ્યો.

❖ રાજકોટ સ્થિત શ્રીમતી જવનિકા ગિરીશરામ ઓઝાના પુત્ર કવન(સીએ.) રાજકોટ નાગરિક સહકારી બેંકમાં એક વર્ષ ફરજ બજાવી અનુભવ મેળવી રાજકોટ ખાતે જ ICICI BANK માં ડેપ્યુટી મેનેજર તરીકે જોડાયા. ચિ. કવન રાજકોટ સ્થિત શ્રીમતી અરૂણાબેન પ્રમોદરામ ઓઝાના પૌત્ર તથા અમદાવાદ સ્થિત ગં.સ્વ.હંસાબેન જનકભાઇ રીડાણીના દોહિત્ર થાય.મો.૯૪૦૮૭૫૧૨૧૨

❖ રાજકોટનાં પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિશ્વ મહિલા દિવસના ઉપલક્ષ્યમાં યોજાયેલ સેમિનારમાં યોગથી તન મન રહે સ્વસ્થ' વિષય ઉપર યોગ પ્રશિક્ષક (કોચ) પારૂલ જસમીન ભાઇ દેસાઈએ માર્ગદર્શન આપ્યું.

❖ રાજકોટના હાલ મુંબઈ ખાતે ડે. ઈન્કમટેક્ષ કમિશ્નર તરીકે કાર્યરત શ્રી ચૈતન્ય સુરેન્દ્રભાઇ અંજારિયા એ ઈન્કમટેક્ષ કમિશ્નરના શિખર હોદ્દા પર બઢતી મેળવી જ્ઞાતિને ગૌરવ પ્રદાન કર્યું.

❖ વડોદરા ખાતે તા.૧૭ એપ્રિલના રોજ યોજાય ગયેલ એમ.એસ.યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં રાજકોટના ડો. અસિત વૈશ્નવ અને શ્રીમતી મીનાબેન વૈશ્નવના પુત્ર ડો.દર્શિલ વૈશ્નવને એમબીબીએસ.માં એનેટોમી અને ઇએનટી.માં ગોલ્ડમેડલ એનાયત થયો. ડો. કાવ્યા તુષાર માંકડને પણ એમબીબીએસ.માં એનેટોમી અને ઇએનટી.માં તેમજ ડો. કૃશાન નિર્મિત વિપુલભાઇ યાજ્ઞિકને એમબીબીએસ.માં ફિઝીયોલોજીમાં ગોલ્ડમેડલ એનાયત કરવામાં આવ્યો.

## ચિ. ત્વરા માંકડ નાની વયે કથ્થક વિશારદ



કોઈપણ કલા એ આરાધના છે..તપ છે..દ્રઢ સંકલ્પ સાથે પ્રચંડ પુરૂષાર્થ માંગી લે છે. આ દરેકને સાધીને રાજકોટનાં ચિ. ત્વરા (શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલ દંપતી ઓજસ અને ઉર્જા માંકડનાં પુત્રી) સંગીત નૃત્યમાં સ્નાતક સમાન કથ્થક વિશારદની પરીક્ષામાં પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયાં.

નોંધપાત્ર છે કે ત્વરાએ અભ્યાસમાં પણ વારસાગત તેજસ્વીતા બરકરાર રાખી, નૃત્યગુરૂ શ્રીમતી પલ્લવીબેનની સઘન તાલીમ અને તેણીની આઠ વર્ષની કઠોર સાધના, પરિવારના પ્રોત્સાહનના ફલસ્વરૂપે માત્ર ૧૬ વર્ષની નાની વયે આ સિદ્ધિ હાંસલ કરી છે. તેણીએ અનેક કાર્યક્રમોમાં પોતાની નૃત્યકલા રજૂ કરી પ્રેક્ષકોની સરાહના મેળવી છે.

ત્વરાએ ધીરજ અને ખંતનો પરિચય આપી નૃત્યમાં પોતાની સમગ્ર ઊર્જાના ઉપયોગ દ્વારા કથ્થક નૃત્ય કલામાં ઓજસ પાથરી કુટુંબ સાથે જ્ઞાતિને પણ રોશન કરી છે.અભિનંદન

ચિ. ત્વરા રાજકોટના જાણીતા શિક્ષણ અને કેળવણીકાર શ્રી બિપિનભાઇ અને સૌ. ઝરણાબેનનાં પૌત્રી તથા સૌરાષ્ટ્ર હાઈસ્કૂલના ભૂતપુર્વ પ્રિન્સીપાલ, આજીવન ગાંધીવિચારધારાને અનુસરનાર ખાદીધારી સ્વ. મુકુલભાઇ માંકડ અને સ્વ. મંજરીબેન માંકડનાં દોહિત્રી થાય.


## કેનેડા ખાતે પાટોત્સવ નિમિત્તે નવતર આયોજન : ઓનલાઈન પૂજા-અર્ચના

કેનેડા સ્થિત જ્ઞાતિજનો દર વર્ષે તો પ્રત્યક્ષ સાથે મળીને ઈષ્ટદેવ હાટકેશ્વર દાદાનો પાટોત્સવ ઉજવતા હોય છે પરંતુ આ વર્ષે કોરોનાની વિષમ પરિસ્થિતિમાં તે તો શકય બને તેમ ન હતું...પાટોત્સવ ઉજવવો તે નિર્ધાર હતો. પણ કેવી રીતે? વિચાર વલોણું ચાલુ થયું..મંતવ્ય લેવાયાં..કારોબારીના સભ્યો સર્વશ્રી શૈલવ મહેતા,ધ્વનિત વૈદ્ય,ધવલ જોષી,નંદીશ વસાવડા,શ્રીમતી શિવાનીબેન તથા ક્રિપાબેનની બેઠક મળી જેમાં ભલે રૂબરૂ ન મળી શકાય પરંતુ કંઈક અલગ કરી સૌ ઓનલાઈન મળીએ..દાદાની ભકિત કરીએ અને સૌનો સંકલ્પ સાકાર થયો...ગલ્ફ સ્થિત કર્મકાંડી શાસ્ત્રીજી શ્રી કેયુરભાઇ ઉપાધ્યાયે પૂજન અર્ચનની જવાબદારી સ્વીકારી અને તારીખ ૯ મેના રોજ ભારત,યુએસએ,ઓસ્ટ્રેલીયા ઈંગ્લેંડ સહીતના ૫૦ જેટલા જ્ઞાતિબંધુઓ નિયત સમયે પોતપોતાના નિવાસસ્થાને પૂજનવિધિ માટે સજ્જ થઈ લિંક દ્વારા ઓનલાઈન જોડાયા...અને શાસ્ત્રીજીએ સૌ પ્રથમ આગવી શૈલીમાં વૈદિક શ્લોકોચ્ચાર સાથે ષોડશોપચાર પૂજન કરાવ્યું બાદમાં શિવ મહીમ્ન સ્તોત્ર આરતીથી વાતાવરણ દિવ્ય અને ભકિતમય બનાવ્યું. અંતમાં આ મંગલમય પ્રસંગે નાગર પરિવારના આદરણીય વડીલો શ્રીમતી શૈલીબેન મજમુદા તથા શ્રીમતી સરયૂબેન વત્સરાજે પ્રસંગોચિત્ત ઉદ્‌બોધન કરી કમિટિના આ આયોજન તથા વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આમ સૌએ ઘેર બેઠા પરસ્પર પરિચય સાથે પાટોત્સવની ઉજવણીનો આનંદ માણ્યો. (કાર્યક્રમ સંપન્ન થયો અને ફરી સૌ 'ઓફલાઈન' થયાં !!)

---

● સગપણ સગાઈ : રાજકોટનાં અર્ચિતા વિશ્વેશ વૈશ્નવનાં પુત્રી ખેવનાનું સગપણ રાજકોટનાં હેમાક્ષીબેન હિમાંશુભાઇ રાણાના પુત્ર મૈત્રેય સાથે.

## મૂલ્યનિષ્ઠ–સત્યનિષ્ઠ પ્રાધ્યાપક ડૉ. અરૂણભાઇ બક્ષી



તા.૧૪ ડિસેમ્બર ૧૯૩૭ ગીતા જયંતીના રોજ જામનગર જિલ્લાના જોડિયા ગામે રામમૂર્તિ (જનકપ્રસાદ) અને સુલક્ષણાબેનના પ્રેમ પ્રતીક સમા અરૂણભાઇ (અનીલકાંત)નો જન્મ થયો. બક્ષી પરિવારના પ્રથમ પુત્ર તરીકે સૌએ લાલાજી તરીકે આવકાર્યા. મુળીમાં પ્રારંભિક શિક્ષણ મેળવ્યું. માત્ર ૧૭ વર્ષની વયે પિતાની છત્રછાયા ગુમાવી અને પાંચ ભાઇ બહેનની જવાબદારી આવી પડી. કાકાઓ પાસે રહયા..તેઓએ ભણાવ્યા. એમએસ.સી. કેમેસ્ટ્રી સુધી અભ્યાસ કર્યો અને ૧૯૬૦માં નોકરીમાં જોડાયા. બક્ષી પરિવારના આ સ્નેહ અને સંપ અને મોસાળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ સ્વ. ડોલરરાય માંકડ (ડોલરમામા)ના જીવનમાંથી મળેલ શિસ્ત અને નીતિમત્તા ના સંસ્કારો, આમ બંનેનો સુભગ સુમેળ સાધી આદર્શ વ્યકિતત્વનું નિર્માણ કરી નવી પેઢીમાં પણ તેનું સિંચન કર્યું.

નોકરીની શરૂઆત નજીવા પગારથી થઈ અને તેમાં પણ પરિવારના ભાઇ બહેનોના વ્યવહાર વડીલોના આશીર્વાદ અને સહાયથી પાર પાડયા. જીવનીસંગિની સુજ્ઞાબેનને પ્રત્યક્ષ જોયા વગર શ્વસુર રીડાણી પરિવારના સભ્યોની શાખને ધ્યાને રાખી લગ્નગ્રંથીથી જોડાયાં અને સુદીર્ઘ સુખી દામ્પત્યજીવન સાથે દરેક જવાબદારી સુપેરે નિભાવી પાર પાડી. ગૃહસ્થજીવન સાથે ૪૫ વર્ષ પછી તેઓએ ભાવનગર ખાતે પીએચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કર્યો. આ સમય દરમ્યાન પત્ની સુજ્ઞાબેનને પણ ભવિષ્યમાં ઉપયોગી થાય તે હેતુથી બી.એડ.નો અભ્યાસ કરાવ્યો. આમ તેઓની ૪૦ વર્ષની વયે બી.એડ.ની અને બાદમાં ૪૯ વર્ષની વયે એમએસ.સી.ની પદવી મેળવી અને રાજકોટ ખાતે કડવીબાઇ કન્યા વિદ્યાલયમાં ધો. ૧૧–૧૨ના વિજ્ઞાન શિક્ષક તરીકે નોકરી કરી પોતે મેળવેલાં શિક્ષણનો લાભ સમાજને શિક્ષિત કરવામાં આપ્યો.

અરૂણભાઇએ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર ખાતે ૨૫ વર્ષની સંન્નિષ્ઠ નોકરીમાં વિવિધ જવાબદારીઓમાં અનેક ચડાવ ઉતાર અને શિક્ષણને કોરી ખાતા નવા જમાનાના વિષાણુ સમા અનેક અવરોધોને હિંમતભેર પાર પાડયા. બાદમાં ૧૯૮૫થી ૧૯૯૮ સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકેની નોકરી કરી જે દરમ્યાન ૧૯૮૬માં દુષ્કાળ વખતે પ્રથમ વખત યુનિવર્સિટીએ તમામ કર્મચારીને રૂા. ૧૮૦/–પાણીના ટાકાંના આપવાનું નકકી થયું..પરંતુ તે માસમાં માત્ર બે જ ટાંકા મગાવ્યા હોવાથી અરૂણભાઇએ માત્ર રૂા. ૪૦/નું બીલ મૂકયું...આમ સૌને તેમની અણિશુદ્ધ પ્રામાણિકતાનો પરિચય કરાવ્યો.દ્રષ્ટાંતરૂપે આજે પણ જેની નોંધ લેવાય છે.


૧૯૯૯થી નિવૃત્તી બાદ સ્વૈચ્છિક પ્રવૃત્તિ તરીકે ફરીથી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં કાર્યકારી કુલસચિવ તરીકે જોડાયા અને આજે ગણનાપાત્રમાંની એક એવી ગુજરાતની પ્રથમ આયુર્વેદ ફાર્મસી કોલેજની સ્થાપના કરવામાં મૂલ્યવાન યોગદાન આપ્યું. વર્ષ ૨૦૦૭માં જામનગરથી સંપૂર્ણ નિવૃત્ત થઈ પરિવાર સાથે અમદાવાદ સ્થાયી થયા અને બાદમાં ભુજ સ્થાયી થયા જ્યાં પુત્ર ડૉ. ગિરીન બક્ષી કચ્છ યુનિવર્સિટી માં એસોશીએટ પ્રોફેસર તરીકે કાર્યરત છે અને વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો હોદ્દો પણ

શોભાવી રહયા છે. તેમનાં પત્ની શ્રીમતી ફાલ્ગુની ગિરીન બક્ષી પણ એમ.એસસી. બીએડ.ની પદવી ધરાવે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નોકરી દરમ્યાન વિશ્વ આરોગ્ય સંસ્થા WHO તરફથી આયુર્વેદ ઔષધોના પ્રમાણીકરણના પ્રકલ્પ માટે બે માસ માટે શ્રીલંકા ખાતે નિષ્ણાત દૂત તરીકે પણ સેવાઓ આપી હતી. તેઓના માર્ગદર્શન હેઠળ આશરે ૧૨ જેટલા વિદ્યાર્થીઓને સંશોધન ક્ષેત્રે આગળ લાવી પીએચ.ડી.ની ડીગ્રી અપાવી. કુદરતી ઔષધોના પોતાના વિષયમાં ત્રણ વખત અમેરિકા ખાતે કોન્ફરન્સમાં સંશોધનપત્રો રજૂ કરવાની તક પણ મેળવી હતી. તેઓને અમેરિકા સ્થિત ફિઝીયોથેરાપીસ્ટ પુત્રી સૌ. સોનલ તુષાર(કોમ્પ્યુટર ઇજનેર)ઓઝાને ત્યાં પણ જવાનું થાય ત્યારે હરવા ફરવા સાથે દર વખતે દરેક ક્ષેત્રમાં થતાં નવા શોધ સંશોધન જોવા જાણવાની તક તેઓ ઝડપી લેતા હતા.ધંધા રોજગાર કે અન્ય ક્ષેત્રમાં આગળ વધવા માટે જરૂરી માર્ગદર્શન સાથે સહાયભૂત પણ થતા હતા.

ગીતા જયંતીના દિને અવતરેલ અરૂણભાઇ ભગવદ્ ગીતાના અભ્યાસુ પણ ખરા તેથી જાણે પોતાના જીવનનો અંત સમય નજીક આવી રહયો છે તેવો આછો ખ્યાલ પરિવારને આપી જીવને શિવમાં લીન થવા સતત ભગવત સ્મરણ સાથે ૮૩ વર્ષની વયે સમગ્ર પરિવારજનો ની હાજરીમાં તા. ૨૧માર્ચના રોજ દેહત્યાગ કરી અલવિદા કરી ગયા.

અરૂણભાઇએ અંત સમય સુધી શિક્ષણને ભક્તિ તરીકે સ્વીકારી અસંખ્ય વિદ્યાર્થીઓના જીવનમાં અરૂણોદય લાવી કર્મઠ, પ્રમાદરહિત અને સાત્વિક જીવન જીવી જાણી મૃત્યુને પણ મંગલ બનાવી જાણ્યું...આવા આત્માની સદ્ગતિ જ હોય...ૐ શાંતિઃ




## DF CMI KPPP

મા ક્યારેય જતી નથી
ગયા પછી પણ એ થોડી થોડી રહે છે...
મા હોય છે...
રસોઈની સુગંધમાં,
શ્વાસોશ્વાસના બંધમાં..
તાંબા પિત્તળના ઉજાળેલા વાસણોની ચમકમાં
પેલી પૂજાઘરની ઘંટડીની ખનકમાં..
પેલી થિગડાંવાળી ગોદડીમાં..
થોડી મીઠી પ્રેમની ગોઠડીમાં..
એ તો સતત વહે છે,મા થોડી તો રહે છે.
મા હોય છે..
હાથેથી ભરેલા રૂમાલમાં..
પેલા મંદિરની આરતીની ધમાલમાં..
ઉદાસીમાં જાદુની ઝપ્પીમાં..
ગરમ રોટલીની થપ્પીમાં..
દોરીવાળા ચશ્મામાં..
મા થોડી તો રહે છે.
મા હોય છે...
તુલસીના છોડના મૂળમાં..
એક ખેતરની ધૂળમાં..
ઓલા ચંપાના ફૂલમાં..
કવિતાના કુળમાં..
એ ઝળકતી રહે છે..
મા થોડી તો રહે છે.
મા ક્યારેય જતી નથી,
એ આજે પણ છે..

દીપ્તિ બુચ–મુંબઈ
મો. ૯૬૧૯૪૩૮૩૯૨

# આંકડા દ્વારા જીવનની સમસ્યાઓ સુલઝાવતી ન્યુમરોલોજીસ્ટ પુષ્ટિ માંકડ



પપ્પા, આપણે મેટરહોર્ન (ઝર્મેટ) નહીં જ્યુરીચ જઈએ. સ્વીત્ઝરલેન્ડના લ્બ્યુસર્ન સ્ટેશન પર પિતા માતા અને બે નાનકડી દીકરીનો પરિવાર ઝર્મેટ જવા ઉભો છે ત્યારે ૧૨ વર્ષની દીકરી પપ્પાને કહે છે કે આપણે ઝર્મેટ ન જઈએ..થોડી દલીલો બાદ પિતા દક્ષેશભાઇ માની જાય છે, માતા નારાજ થાય છે. તમે આટલી નાની દીકરીનું કેમ માની લો છો?ખેર બીજે દિવસે ખબર પડે છે કે જો ઝર્મેટ ગયાં હોત તો બરફના વરસાદ વચ્ચે અટવાઇ ગયાં હોત અને રજાઓની મજા બગડી ગઈ હોત.


આ વાત છે..પુષ્ટિ દક્ષેષભાઇ માંકડની અંતઃસ્ફૂરણાની શક્તિની. માત્ર ૧૮ વર્ષની બેડમિંગ્ટન, ડ્રોઈંગ, ટ્રેકીંગ જેવા અનેકવિધ શોખ ધરાવતી પુષ્ટિમાં બાળપણથી જ અસાધારણ ક્ષમતા છે.જે આજે તેની ઉંમરની કન્યાઓથી અનેક રીતે જુદી પાડે છે. ભરૂચ ખાતે કેમીકલ કંપનીમાં સીઓઓ. તરીકે કાર્યરત પિતા દક્ષેશભાઇના જણાવ્યા મુજબ નાનપણથી તેનામાં રહેલી ક્ષમતાને માપવા,ક્ષમતા જાણવા અમે તેનો ૧૧ વર્ષની ઉમરે એમઆઇટી (ડર્મેટોલાઈફીકસ મલ્ટીપલ ઈન્ટેલીજન્સ ટેસ્ટ) કરાવ્યું જેમાં એસક્યુ, ઈક્યુ, આઇક્યુનું ઘણુ સારૂં પરિણામ જોવા મળ્યું. પછી તો તેની માઇન્ડ રીડીંગ અને કાઉન્સેલીંગ ક્ષમતા સાથેની આંતરસ્ફૂર્ણા બહાર આવવા લાગી અને બંધ આંખે જ બધું વાંચી ને જોઈ શકવા લાગી. આજે તે બંધ આંખે રંગ પારખી શકે છે, વ્યકિતને ઓળખી શકે છે ને ચલણી નોટના આંકડાઓ બોલી શકે છે..અને તેથી તેણીએ ન્યુમરોલોજી સ્કીલના વિકાસ માટે પ્રયત્ન આદર્યો. અને સફળતા મેળવી આજે વડોદરામાં પોતાના નંબર કલીનીકમાં આંકડાઓની મદદથી અનેક લોકોને કેરિયર ગાઈડન્સ, જીવનસાથી પસંદગી,દામ્પત્યજીવનમાં સુખ દુઃખ તથા વ્યવસાય પસંદગી વગેરેમાં સચોટ માર્ગદર્શન આપી રહી છે.

આમ પછી તો અનેક પ્રકારના માર્ગદર્શન આપી પોતાની જાતને ચકાસવાનું શરૂ કર્યું. આ દરેક ક્ષમતાને ધ્યાનમાં લઈ તેણીએ ધોરણ–૧૨માં સાયકોલોજી વિષય રાખ્યો અને જેમાં તેણીએ ૯૭% માર્કસ મેળવ્યા. ત્યારબાદ તેના જીવનમાં નવો વળાંક આવ્યો વડોદરામાં પાડોશમાં રહેતા હાર્ટ સ્પેશ્યાલીસ્ટ ડો. ક્રિષ વૈદ્ય અને ડાયટીશ્યન પત્ની ડો.ક્રિશ્ના વૈદ્યે પોતાની હોસ્પિટલમાં ન્યુમરોલોજી વિભાગ શરૂ કરવાનું કહેતાં તે સ્વીકારી વડોદરામાં પ્રથમ એવું 'નંબર કલીનીક' શરૂ કર્યુ. આજે પુષ્ટિ પોતાની વેબસાઇટ, યુટયૂબ ચેનલ ફેસબુક પેજ દ્વારા ન્યુમરોલોજીને લગતી માહિતી મૂકે છે.

વડોદરામાં આઇ–કેર કલીનીકમાં અલાયદું નંબર કલીનીક ચલાવતી પુષ્ટિના જણાવ્યા મુજબ ન્યુમરોલોજી એ જન્મ તારીખ જન્મ વર્ષ વગેરે સાથે સંબંધિત વ્યકિતના આંકડા અને જિંદગીમાં બનેલા કે બનતા બનાવોને સાંકળતી માન્યતા છે.બ્રહ્માંડમાં દરેક બાબતો રોજબરોજના જીવન સાથે આંકડાઓ સંકળાયેલા છે જે આપણી જિંદગીમાં મહત્વનો ભાગ ભજવે છે. જેંને સમજવા ન્યુમરોલોજીનું વિજ્ઞાન મદદ કરે છે.

વડોદરા ખાતે બીબીએ.નો અભ્યાસ કરતી પુષ્ટિ નંબર કલીનીકને કેરિયર તરીકે અપનાવવા નથી માંગતી. તેણી ભવિષ્યમાં ભારતના ડીફેન્સને મદદરૂપ થવા તેને સંબંધિત અભ્યાસ કરવામાં રસ રૂચિ ધરાવે છે.

## અનંતના યાત્રીઓને...




(કોરોનાનો કહેર યથાવત રહયો છે.અવસાનનોંધ વાંચીએ ને દુઃખ ઉભરાય..કેટલાયે માતા કે પિતાની/બંનેની છત્રછાયા ગુમાવી,પોતાના આધારસ્તંભ યુવાન સંતાન ગુમાવ્યાં,કેટલાય યુગલ ખંડીત થયાં, નાની વયના અણસમજ બાળકોએ મમ્મી કે પપ્પા/બંને ગુમાવ્યા છે. આપણામાંથી ઘણાના ઘણા જીગરજાન હોય તેવા મિત્રો શુભેચ્છકોની વિદાયથી અપાર વેદના અનુભવાય છે તો જેના ઉપર આ વજ્રાઘાત પડયા છે તેની મનોદશા–પીડા તો અકલ્પ્ય છે. શબ્દોથી સાંત્વના મળી શકે ખરી, ખાલીપો ભરી શકાય ખરો ? તેવા પ્રશ્ન સતત ઘૂંટાય છે...જ્ઞાતિ પાસેથી પણ યોગગુરૂ પૂ. સ્વામીશ્રી અધ્યાત્માનંદજી જેવી વિભૂતી સહિત કેટલાય સાહિત્યકાર,શિક્ષણવિદો,કલાકારો ડોકટર, એન્જીનીયર, એડવોકેટ, બાહોશ કર્મચારીઓ અણધાર્યા સમયે છીનવાય ગયા છે. ચોકકસ દરેક જ્ઞાતિ સમાજમાં એક શુન્યાવકાશ સર્જાયો છે. ભલે ઈશ્વરની લીલા અકળ છે સમજ બહાર છે..આ નવસર્જન નો ભાગ પણ હોઈ શકે તે તો ભવિષ્ય કહશે, હાલ તો ઈશ્વર પાસે પ્રત્યેક સદ્ગત આત્માની શાંતિ સાથે સદ્ગતિની અંતઃકરણથી પ્રાર્થના કરીએ સાથે સાથે જેઓ પર અણધારી વિપત્તી આવી પડી છે તેને દુઃખને સહન કરવાની શક્તિ અને સામનો કરવાનું સામાર્થ્ય દેજે..પ્રભુ! –વિ.શાં.ધોળકિયા)

<u>રાજકોટ :</u> અનસુયાબેન અરવિંદભાઇ માંકડ–૯૪ વર્ષ, બંકીમભાઇ શુકલ, અ.સૌ. રેખાબેન નિશેન્દુ ભાઇ માંકડ, દિનેશભાઇ કમળાશંકર રીડાણી, ઉષાબેન નવીનચંદ્ર દેસાઈ, અશ્વીનભાઇ વી. અંતાણી, માર્કન્ડરાય ભૂપતરાય બુચ,મીનાબેન જીતેન્દ્રભાઇ હાથી, બંકીમભાઇ શુકલ, સૌ. તરૂલતાબેન પ્રિયવદનભાઇ વસાવડા, મીનાબેન જીતેન્દ્રભાઇ હાથી, પરેશભાઇ જીતેન્દ્રકાંત માંકડ–૬૫ વર્ષ, નિયતી ધીરેનભાઇ કિકાણી–૩૩ વર્ષ, પ્રફુલચંદ્ર નવીનચંદ્ર માંકડ–૮૭ વર્ષ, સૌ. ઝંખના વિશ્વેશ ધોળકિયા, હેમેન્દ્ર લક્ષ્મીકાંતભાઇ છાયા–૬૭ વર્ષ, મિહિરભાઇ શીરિષભાઇ દેસાઈ, ભદ્રેશ વિષ્ણુ પ્રસાદ વછરાજાની, મૃગેન્દ્રભાઇ વસાવડા(નિવૃત્ત મામલતદાર) ૮૩ વર્ષ, ભાવનાબેન જયકાંત ભાઇ ઢેબર–૭૩ વર્ષ, ભરતભાઇ છોટાલાલ મહેતા–૮૮ વર્ષ, જયેશભાઇ રજનીકાંતભાઇ કિકાણી (૬૩ વર્ષ)(વેલ્ફેર ઓફીસર એચ જય સ્ટીલ લી.)–શ્રીમતી દિપ્તીબેન જયેશભાઇ કિકાણી(૬૦ વર્ષ), પ્રા. ડો. તુષારભાઇ રામપ્રસાદ હાથી, વેસ્ટર્ન રેલ્વે યુનિયનના અગ્રણી મહેશભાઇ કૃષ્ણકુમાર છાયાનું ૬૨ વર્ષની વયે દેહાવસાન થયું. રાજકોટના શ્રી મહાદેવભાઇ જયાશંકર હાથી (પાલનપુરના સ્વ. વિશ્વનાથ ડોલરરાય હાથીના ભત્રીજા)નું તા. ૧૭/૪/૨૧ના રોજ કોરોનાની બિમારીમાં પાલનપુર ખાતે અવસાન થયું. તેઓ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં વિવિધ સ્થળોએ બ્રાંચ મેનેજર તરીકે યશસ્વી ફરજ બજાવી બે દાયકા પહેલાં સ્વૈચ્છિક નિવૃત્ત થયા હતા અને બાદમાં રાજકોટ ખાતેની સ્વામિનારાયણ સંસ્થામાં અવિરત સ્વૈચ્છિક સેવારત રહયા હતા. સૌ. વત્સલાબેન મહેશભાઇ બુચ, પ્રદીપભાઇ જયંતીલાલ દેસાઈ,પલ્લવીબેન દેવાંશુભાઇ જીકાર–૬૩ વર્ષ,રજનીકાંત મહાસુખરાય માંકડ, પ્રવીણચંદ્ર પ્રાણલાલ ઢેબર–૯૨ વર્ષ,સૌ. દિવ્યાબેન જયંતભાઇ માંકડ,ગીતાબેન પુરણભાઇ બક્ષી, શૈલેષચંદ્ર લલિતશંકર ધોળકિયા,

જૂનાગઢ : પ્રખર માઈ ભક્ત–વૈશ્નવજન અનેક ધૂન મંડળોમાં ધૂન અને ગરબાની રમઝટ બોલાવનાર ભગીરથભાઇ ભાલચંદ્રભાઇ વૈદ્યનું દેહાવસાન.પુષ્પલતાબેન નિરંજનરાય વસાવડા,પ્રીતિબેન દિવ્યકાંતભાઇ દેસાઈ, રશ્મિબેન કુલીનચંદ્ર ઢેબર,પ્રત્યુષભાઇ અનસુખરાય વોરા, ગં.સ્વ. પુષ્પાબેન ભુપતરાય ભટ્ટ, અનીલાબેન ઉષાકાંતભાઇ વોરા, ચંદ્રશેખર મનહરશંકર ધોળકિયા, પદ્માબેન અજીતરાય વૈદ્ય–૯૮ વર્ષ, અશ્વિનભાઇ બળભદ્રભાઇ વસાવડા–૭૮ વર્ષ,જીતેન્દ્રભાઇ ડી. વસાવડા ડો. પ્રભાકરભાઇ વી. વસાવડા–૮૧ વર્ષ, ચંદ્રેશ ઈન્દ્રવદનભાઇ દીવાન,ડો. પ્રભાકરભાઇ વી. વસાવડા, ચંદ્રેશ ઈન્દ્રવદન દીવાન, કોકીલાબેન મહેશચંદ્ર વસાવડા–૮૬ વર્ષ,દીપેન્દ્ર પ્રવીણરાય નાણાવટી,ઉપેન્દ્રભાઇ મંછાશંકર વૈશ્નવ,ગુરૂપ્રસાદ દિનકરરાય દેસાઈ,ભારતીબેન અનિરૂધ્ધભાઇ વોરા, દિપ્તીબેન પિનાકીનભાઇ વોરા,અખીલભાઇ પંડયા.

જામનગર : માલતીબેન ધનવંતરાય સ્વાદિયા, ભદ્રવદન પ્રિતમલાલ ઝાલા, શશીકાંતભાઇ વૈકુંઠરાય બુચ તથા તેમનાં પુત્રી હેમાક્ષીબેન બુચ,સૌ. કૃતિબેન નૈષધકુમાર વસાવડા,યદુનંદનભાઇ જનકરાય બુચ (જેઓ છેલ્લા ૩૦ વર્ષથી કુંવારીકા ગરબી મંડળનું સંચાલન કરી નાની બાળાઓમાં ભક્તિ અને કલાના સંસ્કારનું સિંચન કરવામાં મહામુલું યોગદાન આપ્યું. શાંતિભાઇના સમયમાં બરછીને તેઓની સેવાઓ મળી હતી.ભાવભીની શ્રધ્ધાંજલી.)ભદ્રાબેન પ્રહલાદરાય માંકડ–૯૭ વર્ષ,લીલાવતીબેન ખંડુભાઇ મંકોડી–૮૯ વર્ષ

અમદાવાદ : રાજકોટના બેંક ઓફ ઈન્ડિયામાં સંન્નિષ્ઠ ફરજ બજાવી નિવૃત્તી બાદ અમદાવાદ સ્થાયી થયેલા શ્રી નિરંજનભાઇ દિનકરરાય ઝાલાનું ૭૮ વર્ષની વયે દેહાવસાન થયું. ઝાલા માસ્તર તરીકે જાણીતા પિતાશ્રી દિનકરભાઇ તથા કાકા ગુણવંતભાઇ તથા ઝાલા પરિવારના સેવા અને પરોપકારના સંસ્કાર ઉજાળી, રાજકોટ ખાતે શ્રી હાટકેશ્વર સંસ્થામાં ટ્રસ્ટી તરીકે તેમજ અમદાવાદ ખાતે વેજલપુર નાગર મંડળમાં પણ પોતાની નિઃસ્વાર્થ સેવાઓ આપી હતી. પદ પ્રતિષ્ઠા માટે નહી પરંતુ સ્વભાવે મિલનસાર પરગજુ એવા નીરૂભાઇ સંબંધો બનાવી જાણે અને નિભાવી પણ જાણે. મળવા હળવાનો શોખ તેથી જ સંસ્થાઓ અને બરછીના પ્રતિનિધી તરીકે પણ નિઃસ્વાર્થ ભાવથી સંન્નિષ્ઠ સેવાઓ આપી, વેજલપુર અને આસપાસના વિસ્તારના ૧૦૦ જેટલા બંધુઓને બરછી સાથે જોડયા હતા. કુટુંબ સાથે જ્ઞાતિએ પણ સહૃદયી આત્મીયજન ગુમાવ્યો છે. બરછી પરિવારના શ્રદ્ધાસુમન. પુષ્પકાંતભાઇ અનંતરાય અંજારિયા, અ.સૌ.હંસાબેન રિપુંજયભાઇ જોષીપુરા– ૭૪ વર્ષ, રમીલાબેન અજીતરાય વૈશ્નવ, ઉમાબેન મહેશભાઇ વૈશ્નવ, કુ. ખ્યાતિ કૃષ્ણવદન (પંડિતભાઇ) બુચ, કિરણભાઇ હરસુખભાઇ કિકાણી (નિવૃત્ત અધિકારી દૂરદર્શન, પિતાશ્રી જેવાજ સિધ્ધહસ્ત નાટય કલાકાર) જનુભાઇ પરબતરાય જોષીપુરા–૯૫ વર્ષ, હિરેન મંગળપ્રસાદ મહેતા – ૬૧ વર્ષ, રમેશભાઇ ડી. અંતાણી,મંજરીબેન વિભાકરભાઇ વૈશ્નવ, યશોધરાબેન લલીતભાઇ વછરાજાની, જ્યોત્સનાબેન કિરીટભાઇ બુચ,શ્રીમતી કાન્તાલક્ષ્મી વિપિનચંદ્ર નાગર,શ્રી મહેશભાઇ દેસાઈ (જ્ઞાતિસેવા દ્વારા અમદાવાદથી પ્રકાશિત થતાં જ્ઞાતિપત્ર નાગર મિત્રનુ તંત્રી પદ પાટોત્સવમાં શોભાયાત્રામાં દાદાની

પાલખીનું દરેક વિસ્તારમાં પૂજન, મેરેજ બ્યુરો, અંબાજી રાત્રિ પૂજા જેવી સેવાઓ દ્વારા શોભાવ્યું.
જનાર્દનભાઇ બાલકૃષ્ણભાઇ માંકડ–૬૬ વર્ષ, હરેન્દ્રભાઇ અવંતિલાલ સ્વાદિયા–૭૦ વર્ષ, અ.સૌ. ઉષાબેન બિપીનભાઇ મજમુદાર, અશોકભાઇ હર્ષદભાઇ બક્ષી.


<u>ગાંધીનગર :</u> દિલીપભાઇ કમળાશંકર દેસાઈ–૮૫ વર્ષ, ત્રિગુણાબેન તનસુખરાય જથ્થલ, અંકિત ધનંજયભાઇ વસાવડા–૩૫ વર્ષ.

<u>વડોદરા :</u> વડોદરા : રમેશચંદ્ર બુચ(રીટાયર્ડ જીએસએફસી.) ભવજીતભાઇ અનંગપ્રસાદ વૈશ્નવ, સુરેખાબેન ચંદ્રકાન્ત માન્કર, કંચનબેન અશોકરાય નાણાવટી, દર્શનાબેન અવનીન્દ્રભાઇ વ્હોરા, વિનાયકભાઇ છાયા–૯૭ વર્ષ, જયપ્રકાશ બટુકરાય નાણાવટી–૭૧, પરિન યતીનભાઇ છાયા–૨૭ વર્ષ, ભુવનેશ્વરીબેન અનીલભાઇ વૈશ્નવ–૮૧ વર્ષ, નીતાબેન પ્રવિણચંદ્ર દેસાઈ–૮૨ વર્ષ, સૌ. અનુપમાબેન પિયુષભાઇ વસાવડા, પ્રહલાદરાય નવરંગપ્રસાદ દેસાઈ, મહેશભાઇ જયેન્દ્રરાય બુચ–૬૮ વર્ષ, મા. અનસુયાબેન વિનાયકભાઇ દેસાઈ–૯૩ વર્ષ અને પુત્ર તુષાર વિનાયકભાઇ દેસાઈ પ્રજ્ઞાબેન વિરેન્દ્રભાઇ બુચ, પલ્લવીબેન જયેન્દ્રભાઇ માંકડ, જગદીશચંદ્ર વિષ્ણુપ્રસાદ વસાવડા, બલભદ્રપ્રસાદ વૈશ્નવ, માર્કંડરાય જે. વસાવડા, વાલ્મીકભાઇ શાંતિરાય વૈશ્નવ, હર્ષિકેશભાઇ સન્મુખરાય વૈશ્નવ, નીતાબેન પ્રવિણચંદ્ર દેસાઈ

<u>ભુજ :</u> જ્યોતિકાબેન શશિકાન્તભાઇ ધોળકિયા–૮૯ વર્ષ, પ્રા.ડો. અરૂણભાઇ બક્ષી, સતિષભાઇ રજનીકાંત ધોળકિયા–૭૦ વર્ષ, સુરેશચંદ્ર માણેકલાલ ધોળકિયા–૮૮ વર્ષ <u>માંગરોળ :</u> મહેશભાઇ ધીરજલાલ વસાવડા–૮૮ વર્ષ, ગાંધીધામ : કેતનભાઇ રણજીતભાઇ ખારોડ ૪૪ વર્ષ

<u>મુંબઈ :</u> જયેશભાઇ દિલસુખરાય ઢેબર–૬૦ વર્ષ, વર્ષાબેન ઉમેશભાઇ માંકડ–યુએસએ.

<u>ભાવનગર :</u> અ.સૌ. જયશ્રીબેન પ્રસન્નવદનભાઇ (બરછી પ્રતિનિધીનાં પત્ની) વોરા, પૂર્ણાબેન તારકભાઇ વૈદ્ય– ૪૭ વર્ષ, ઉજ્જવલભાઇ ઝાલા, જ્યોતિષભાઇ લક્ષ્મીકાંતભાઇ માંકડ (નિવૃત્ત પ્રાધ્યાપક કોટક સાયન્સ કોલેજ રાજકોટ), સૌ. કીર્તિબાળાબેન યજ્ઞેશકુમાર દેસાઈ, સૌ. જેલમ જપન મહેતા, નરેન્દ્રભાઇ ધનવંત રાય વૈદ્ય–૮૮ વર્ષ.




~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

ક્યાંક સન્માન સત્કાર, તો ક્યાંક અપમાન ધુત્કાર જોયા છે
ક્યાંક ઠોકર લકીરોની, તો ક્યાંક સૌભાગ્ય સંસાર જોયા છે
ક્યાંક રંક રોતા ચહેરા, તો ક્યાંક અમીરોને હસતાં જોયા છે
તારી હસ્તરેખામાં જગત, તારા ચરણોમાં ચમત્કાર જોયા છે

– parthesh nanavaty rajkot
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## પ્રખર ગાંધીવાદી મૂલ્યનિષ્ઠ સંસ્કાર પુરૂષ કુંન્દનલાલ ધોળકિયા

ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને જાહેરજીવનના સેવાનાયક દિવંગત કુંન્દનલાલ ધોળકિયાની ૧૦૦ મી જન્મજયંતિ (જન્મ શતાબ્દી)નિમિત્તે કચ્છના આ નાગર સંસ્કાર પુરુષ, અણિશુધ્ધ પ્રમાણિક, સ્વચ્છ, પારદર્શી વ્યકિતત્વ ધરાવતા આજીવન સેવાના ભેખધારીને સ્મરણાંજલિ આપીએ...

કુંન્દનલાલ ધોળકિયાનો જન્મ તા. ૧૦ ઓગષ્ટ ૧૯૨૦માં કોલકતામાં થયો બાદ ભુજમાં વસ્યા અને પોતાના રાજકીય જીવનની શરૂઆત કચ્છમાંથી કરી. તેમણે ૨૪ થી ૨૫ વર્ષ વકીલાત કરી. દ્વિભાષી મુંબઈ રાજ્યમાં ધારાસભ્ય તરીકે ચુંટાતા પૂરતો સમય પ્રજાના કાર્યો માટે આપી શકાય તે માટે ધીકતી વકીલાતનો વ્યવસાય છોડી દીધો.

૧૯૫૧ થી તેઓ જાહેરજીવનમાં સક્રિય થયા. ૧૯૫૩–૧૯૫૪ સુધી ભુજના નગરપતિના સમય માં ભુજ શહેરમાં પ્રથમ ડામર રોડ, પ્રથમ રોડ લાઈટ, ગઢ તોડવાની કામગીરી થઈ. ભુજમાં સ્વચ્છતા, સુઘડતા અને સંસ્કારિતા માટે તેમનું મોટું પ્રદાન રહેલું. પ્રથમ પ્રજાકીય પ્રતિનિધિ તરીકે ૧૭ મી ઓગષ્ટ ૧૯૫૩ના સવારે કુંદનભાઈને હમીરસર તળાવને વધાવવાની પહેલી તક મળી હતી.

સને ૧૯૫૭ થી ૧૯૬૨ ધારાસભ્ય રહયા હતા ત્યારે તેમને માસિક રૂા ૨૫૦ નું મહેનતાણું મળતું તેમાંથી તે પોતાના પરિવારનો કરકસરપૂર્વક નિભાવ કરતા. સને ૧૯૭૫ થી ૧૯૮૦માં ગુજરાત વિભાનસભામાં ચુંટાયા બાદ ગુજરાત વિધાનસભાના પ્રથમ કચ્છી અધ્યક્ષ તરીકે ચુંટાયા.અધ્યક્ષ તરીકે નિષ્પક્ષતા, મકકમતા સાથે કામગીરી કરીને પદની ગરિમા વધારી અને શ્રેષ્ઠ સ્પીકર તરીકે નામના મેળવી. વિધાનસભામાં શિસ્ત અને સમય પાલનના આગ્રહી રહયા. તેઓ વિધાનસભાના અધ્યક્ષપદે હતા ત્યારે સત્તાપલટો થતાં તેમણે તરત જ અધ્યક્ષ પદેથી રાજીનામું આપી સ્પીકર(અધ્યક્ષ) નો બંગલો ખાલી કરી ગયેલા.

૧૫ મી ઓગષ્ટ ૧૯૮૮માં સ્વાતંત્રય સેનાની તરીકે પેન્શન ન લેવાના કારણે ગુજરાત સરકારે તેમને સુવર્ણચંદ્રક આપવાનું નકકી કરેલું, પરંતુ એવા સિધ્ધાંતનિષ્ઠ કે તેમણે સુવર્ણચંદ્રક તેમજ બાદમાં વિશ્વ ગુજરાતી સમાજ તરફથી સ્વ. કનૈયાલાલ દેસાઈ એવોર્ડ (સ્વ. મુખ્યપ્રધાન હિતેન્દ્રભાઈ દેસાઈના પિતાના નામનો રૂા એક લાખનો એવોર્ડ પણ તેમણે સ્વીકાર્યો નહી.

સને ૨૦૦૧ના કચ્છમાં ભૂકંપ પછી ટાઉનપ્લાનીંગમાં પુનર્વસનની કામગીરીમાં વૈકલ્પિક વ્યવસ્થા વિના લોકોના મકાનોના તોડફોડના ગંભીર પ્રશ્નો ઉભા થતાં પોતાની વય અને તબિયતનો વિચાર કર્યા વિના (વય ૮૧ વર્ષ) અચોકકસ મુદતના ઉપવાસ શરૂ કરી દીધેલા. તબિયત કથળતી જતી હતી. સૌ ચિંતિત હતા. ઉપવાસ છોડી દેવા આગ્રહ કરવા છતાંય ઉપવાસ છોડયા નહી. ઉપવાસ ન છોડવાની મકકમતાને કારણે રાજ્ય સરકારે કુન્દનભાઈની શરતો સ્વીકારી અને લોકો તકલીફોમાંથી મુકત થયા. તે બાદ જુદી જુદી રિલોકેશન સાઈટમાં લોકોની રહેણાંકની સુવિધા ઉભી થઈ. સને ૨૦૦૧ ના ભૂકંપ બાદ સરકારના ડેવલપમેન્ટ પ્લાનમાં કોટ બહારના વિસ્તારમાં રસ્તા પહોળા કરવા માટે મહારાઓ વિજયરાજજી



લાયબ્રેરીનું આખું મકાન કપાતમા જવાની અને લાયબ્રેરી માટે અન્ય જગ્યા ફાળવવાની સરકારની નોટિસ મળી. તે સમયના ટ્રસ્ટીઓ માટે શહેરની ૧૨૫ વર્ષ ઉપરની જુની લાયબ્રેરીના અસ્તિત્વનો સવાલ આવીને ઉભો રહયો પણ કુંદનભાઈની રજુઆતને પગલે બિલ્ડીગ બચી ગયું.

કુંન્દનભાઈનુ વ્યક્તિત્વ એક વડલા સમાન હતું અને પોતાનું સમગ્ર જીવન સમાજ કલ્યાણને અર્પિત કરેલું હતું. તેઓ પક્ષાપક્ષીથી પર હતા. તેમનું નિવાસસ્થાન લોકો માટે હંમેશા ખુલ્લુ રહેતું. નેતાઓ, જાહેરજીવનની વ્યકિતઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, સંશોધકો, સંસ્થાઓ સૌ માટે પ્રેરણાનું સ્થાન હતું. તેઓ જીવનભર સ્થાન અને મોભાને અનુરૂપ ગૌરવ અને સન્માન મેળવતા રહયા.

## ઉત્તમ માનવી

(ગુજરાતી ભાવાનુવાદ પી.એન. વૈશ્નવ, અમદાવાદ.)

અંગ્રેજ લેખક ન્યુમેને સજજનની વ્યાખ્યા આપી છે. તે દરેક માટે પ્રેરણા રૂપ છે. યુરોપ, અમેરિકામાં જેને આચારસંહિતા તરીકે સ્વીકારાય છે. જાપાનમાં તમામ વિભાગોમાં તેની સુંદર રીતે છબી બનાવી મુકવામાં આવી છે. તેનાથી માલિકો કર્મચારીઓના સંબંધો ઉપર પર ખુબ સુંદર અસર થઈ. આપણે પણ દરેક પરિવારમાં, સંસ્થામાં તેને મઢાવીને રાખીએ. તેમાં વર્ણવેલ સજજન બનવાનો થોડો પણ પ્રયાસ માનવી માનવી વિશે સુંદર સવાંદિતા ખીલવવામાં સહાય રૂપ થશે. આ રહયા એ અવિસ્મણીય શબ્દો...

સજજન કે ઉમદા સ્વભાવનો માનવી કદીએ કોઈને જરાપણ દુઃખ થાય તેવું કરે નહી કે બોલે નહિ પોતાની આસપાસના લોકો મુકત પણે મુંઝવણ અનુભવ્યા સિવાય કામ કરી શકે. તેમના કાર્યમાં આવતી મુશ્કેલીઓને સતત દૂર કરવામાં જ તે પરોવાયેલો રહે છે. તે કશાની પોતે પહેલ નથી કરતો પરંતુ અન્યની પ્રવૃત્તિઓને સરળ કરતો રહે છે.

સજજન કે ઉમદા માનવી તેની સાથે કાર્ય કરનાર કોઈના મનમાં સ્હેજ પણ ઝાટકો લાગે કે તેમના મત સાથે ટકરાવ થાય, કોઈની લાગણીને ધકકો પહોંચે, કોઈનામાં શંકા, કરતો નથી. પ્રત્યેક વ્યકિત ખુશનુમા વાતાવરણમાં પોતાનું કામ શાંતિથી કરે તે જોવાની તેને સતત ચિંતા હોય છે.

તે કદી વગર વિચાર્યા સૂચન કરતો નથી અને અન્યને ગુસ્સો ચડે તેવા મુદાનો ઉલ્લેખ સરખો કરતાં નથી. વાતચીતમાં તે અગ્રસ્થાને રહેતો નથી. છુટકો ન હોય તે સિવાય કદી પોતાના વિશે અંગત કંઈ કહેતો નથી. વળતો પ્રહાર કરીને કદી પોતાનો બચાવ કરતો નથી. કોઈની કુથલી કરવા કે ગપ્પા મારવામાં તે સામેલ થતો નથી. કજીયો કંકાસ કરવા જેવા નિમ્ન સ્તર પર તે કદી ઉતરી જતો નથી, કશાનો ગેરફાયદો ઉઠાવતો નથી, કટુવચનને બદલે તર્કબધ્ધ રીતે પોતાની વાત સમજાવે છે, તેનામાં એટલી બધી પરિપકવતા હોય છે કે પોતાના અપમાનનો પણ તે તોછડાઈપૂર્વક જવાબ વાળતો નથી, કોઈએ તેને પહોંચાડેલ માનસિક આઘાતને યાદ કરવા તેની પાસે સમય હોતો નથી, કોઈના પ્રત્યે મનમાં વેર રાખવા બાબતમાં તે સાવ આળસુ હોય છે. તેના જીવનની ફિલસુફી એ હોય છે કે સર્વપરિસ્થિતિને શાંતિથી આધીન થવું ધીરજવાન ને સહનશીલ બનવું.



**નાગર જ્ઞાતિની નિરાળી લાક્ષણિકતાઓ** : શ્રી પરેશભાઇ એલ. જોષીપુરા, પોરબંદર

(વર્ષ ૧૯૮૮માં કલમ કડછી બરછીના ૨૫ વર્ષ—રજત જયંતી—ના ઉપલક્ષ્યમાં નિબંધ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં કુલ ૩૪ બંધુઓએ ભાગ લીધો હતો. જ્ઞાતિમાં આજે તો ઘણો જ બદલાવ આવી ગયો છે પરંતુ અગાઉની આપણી જ્ઞાતિની લાક્ષણિકતાઓનો ખ્યાલ આવે અભ્યાસમાં ઉપયોગી થાય, નિબંધ લેખન કેમ થાય તેનો પરિચય મળે તે હેતુથી આ સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓના નિબંધ અત્રે પ્રકાશિત કરવામાં આવશે. આ અંકમાં વાંચો શ્રી પરેશભાઇ જોષીપુરાની કલમે લખાયેલ નિબંધ...તંત્રી)

નમણી નાગર જાત આજ સમગ્ર ભારતવર્ષમાં વિસ્તૃત અને સક્ષમ રીતે પથરાઈ ગઈ છે. નાગરોની સ્વાભાવિક પીછાણ વિશેષતઃ મુત્સદ્દીગીરીને કારણે સવિશેષ ધ્યાનાકર્ષક છે. શૌર્ય, સ્વાર્પણ, કુનેહ, નેક, ધૈર્ય વગેરે આગવી વિશિષ્ટતાને લીધે નાગર પ્રતિભા સ્વાભાવિક રીતે જ અલગ તરી આવે. મૃદુ મુલાયમ વાક્ચાતુર્યની આગવી છટા અને એવા જ મુલાયમ સ્વભાવની ઈશ્વરી દેન નાગરોને છે. કહેવાયું છે કે—

"મરછ, જલમારગ અને મૌક્તિક તે ત્રણ શુભ સાગરમાં છે
વહેંચી ખવાય, પીવાય અને સુશોભિત તે ત્રણ ગુણ તો નાગરમાં છે."

વળી કવિશ્રી દલપત પણ કહે છે, "શીતળાઇ, સુગંધસમા ગુણ તે ત્રણ મળીયા ગાગરમાં છે.
સંપ સુબુદ્ધિ સ્વરૂપ શરીરનું તે ત્રણ ગુણ નાગરમાં છે."

નાગરો નગર સંસ્કૃતિના પ્રતિનિધિ, સર્જકો, સંરક્ષકો અને પ્રવર્તકો છે.

નાગર જ્ઞાતિની પાસે કેટલીક જન્મજાત મૂડી છે તે છે રૂપ, સૌંદર્ય, સામાન્યસુઝ, પ્રામાણિકતા, હોંશીયારી, ભણતર, મૌલિકતા, વહીવટી આવડત અને નૈતિક હિંમત.

નાગર કોમની વિશિષ્ટતા કૌટુંબિક વિશિષ્ટતા સરખી શાસ્ત્રીય છે. અનેક પેઢીઓથી સાચવી રાખનાર કોમ પોતાનો વિશિષ્ટ દેખાવ, વિશિષ્ટ સૌંદર્ય જાળવી રાખે તેમાં આશ્ચર્ય જેવું નથી. કોમનો દેખાવ તે અનેક પેઢીઓની સાચવણીનું પરિણામ છે. દેશની રચનામાં જેમ વિશુદ્ધ રૂધિર મહત્વનું છે તેમ માનસ રચનામાં વિશુદ્ધ સંસ્કાર મહત્વના છે. દેહવિશુદ્ધિ સાચવવાની કાળજીવાળી કોમના સંસ્કાર સ્વાભાવિક રીતે જ ઊંચા હોય નાગરકોમની ભાષા, રીતભાત, સભ્યતા, શોખ અને રસિકતા એટલા બધા સુઘડ 'ટેસ્ટફુલ' હોય છે કે એ કોમની વિશિષ્ટતામાં બહુ ઉમેરો કરે છે.

કોમની પરિપાટી તેનો દેખાવ અને તેના સંસ્કારમાં વ્યકત થાય છે. આંખ, કાન, નાક, હડપચી, ખોપરી, ઉંચાઈ, રંગ એ બધી શાસ્ત્રીય વસ્તુઓ છે. નાગર સુરતનો હોય કે ભાવનગરનો, ખંડવાનો હોય કે ઠસાળીનો છતાં એ ભૌગોલિક ભેદમાં પણ અભિમાન લેવાય છે છતાં એ નાગર કોમમાં એક એવા પ્રકારનું દેહસૌષ્ઠવ છે કે જે તેને અમુક પ્રકારની વિશિષ્ટતા આપે જ છે અને આજે પણ નાગર નજરે જોતાં ઓળખાઇ આવે છે. નાગર હોવામાં અભિમાન લેવાનું હોય તો એટલું જ સહજ નહી પણ કેટલેક અંશે વાસ્તવિક પણ છે. નાગર કોમ ગુજરાતની બલ્કે હિન્દુસ્તાનની કોઈપણ કોમની સરખામણીમાં છેક નીચી ઉતરતી એમ તો નથી જ. દેખાવ અને સંસ્કાર જ્યારે એક સુંદર પરિપાટી ઉપર મળે ત્યારે બહુ કલામય છાપ ઉત્પન્ન કરે. નાગર જોવાથી ઓળખાય સાચું, પરંતુ નાગર સાથે વાતચીત કરવાથી તો તેના નાગરત્વ માટે સંશય રહેતો નથી જ.

વડનગરમાંથી ઉત્પન્ન થયેલ નાગર જ્ઞાતિનો આરંભ લગભગ બે હજાર વર્ષોથી હોવા છતાં આશ્ચર્ય જેવું કે "સ્કંદપુરાણન્નતર્ગત નાગર ખંડ" સિવાય બીજા કોઈપણ પ્રાચીન ગ્રંથમાં નાગર જ્ઞાતિનો ઈશારો કરેલો જણાતો નથી.જૈન લોકોનું માનવું છે કે મગધ દેશના છેલ્લા નંદ રાજાનો મંત્રી શકટાળ અને તેના પુત્ર સ્થવિર સ્થૂલીભદ્ર જેઓ જૈન ધર્મના મોટા આચાર્ય થઇ ગયા છે તેઓ જ્ઞાતિએ નાગર હતા.નાગરોની ઉત્પત્તિ વિશે આમ તો અત્યાર સુધીમાં આપણા અને અન્ય વિદ્વાનોએ ઘણા સંશોધનો કર્યા અને ઘણુ ઘણુ લખ્યું છે તો કેટલીક વખત દંતકથાઓનો આશરો લઇ ને આ બાબતમાં પ્રકાશ પાડવાનો ઉમદા પ્રયત્ન થયો છે.

આમ એકંદરે જોતાં સઘળી જ્ઞાતિઓમાં નાગર જ્ઞાતિની ત્રણ ધ્યાનાકર્ષક વિશિષ્ટતાઓ ખાસ રીતે પ્રતિબિંબિત થાય છે. ૧.નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વર છે જે પ્રાયશઃ હિન્દુ ને બીજી કોઈપણ જ્ઞાતિના નથી.૨. એક સ્ત્રી વિવાહ ૩.અયાચકતા અથવા યથાર્થ કહીએ તો અપ્રતિતગૃહિત્વ. એ નાગરોના ઉલ્લેખનીય લક્ષણો છે.

નાગરોની નોખી ભાત પાડતી કેટલીક અનન્ય વિશિષ્ટતાઓ અને કેટલીક વિશિષ્ટ નિરાળી લાક્ષણિકતાઓ આ પ્રમાણે દર્શાવી શકાય.

૧. અસ્મિતા : સ્વમાની અને ખુમારીભર્યું સ્વાર્પણયુક્ત,સંસ્કારી,સ્વાતંત્ર ઝંખતું અને એની આબેહૂબ ઝાંખી કરાવતું ભવ્ય માનસ અને જીવન સત્તા કે સંપતિ સામાન્ય રીતે નાગરને કદી વિચલિત કરી ન શકે.

૨. રૂપ : સહેલાઈથી ઓળખી શકાય એવો ભિન્ન નમણો અને પ્રભાવિત શારિરીક દેખાવ

૩. પોષાક : રૂપ અનુરૂપ અને પ્રસંગોચિત વસ્ત્ર પરિધાન નાગરત્વનું પ્રતિચિત્ર છે.

૪. વાણી : બોલચાલની અદભૂત શૈલી અને છટા એ નાગરત્વનું પ્રમાણ છે. વિશુદ્ધ ભાષા અને શબ્દેશબ્દે વિવેક—વિનયના દર્શન કરાવતી દેખાવ અને પહેરવેશના અનુષંગે સ્પષ્ટ અને પ્રભાવશાળી વાક્છટા નાગરોનું આભૂષણ અને નાગરોને ઓળખવાની આસાન રીત છે.

૫. આચાર આગ્રહ : પ્રણાલિગત આચરણ અને મુળભુત સંસ્કારો ને આદર્શોને ચિરંજીવ રાખવાના આગ્રહ છતાં નાવિન્યસભર જીવનશૈલી નાગરોનું આભૂષણ છે.

૬. આતિથ્ય : આતિથ્ય સત્કારમાં વિનમ્રતા ને શિષ્ટાચારની અદભુતશૈલીથી ઉગતું નાગરત્વ અતિથિ સત્કારની જીવંત ને જ્વલંત ચિનગારી આજે પણ અખંડ છે. સ્વચ્છ અને સુઘડ રહેણીકરણી એટલી જ સ્પષ્ટ હોય કે નાગર ગૃહસ્થને ઓળખવા ભાગ્યે જ મુશ્કેલ બને.

૭. સ્ત્રી સન્માન : એક યશોદાયી વિશિષ્ટતા અન્ય જ્ઞાતિઓ માટે આદર્શરૂપ,ઉદાહરણરૂપ વિશિષ્ટતા નાગરોની ઉલ્લેખનીય બાબત છે.

૮. સ્ત્રી કેળવણી : નાગર કોમમાં કેળવણીનો પ્રશ્ન વિકટ બન્યો નથી. જે યુગમાં શાળાઓ ન હતી તે યુગમાં નાગર સ્ત્રીઓને લખતાં વાંચતા સારી રીતે આવડતું.સંસ્કૃત ભાગવત વાંચી શકે અને મહિમ્ન મોઢે બોલી શકે અને તેમના અક્ષર સારા લહિયાને પણ શરમાવે તેવા સુંદર હતા. અન્ય ભારતીય જ્ઞાતિઓના ઉપલક્ષ્યમાં નાગર જ્ઞાતિમાં સ્ત્રી કેળવણીનું પ્રમાણ ઉત્કૃષ્ઠ છે. જે વિરલ ઘટના ગણી શકાય.

૯. સંસ્કૃતિ : ભારતીય સંસ્કારો અને ભારતીય સંસ્કારોમાં ઉચ્ચતમ આદર્શોનું અમીસિંચન અને

સંસ્કૃતિ/સંસ્કારના વિકાસમાં રાજમાર્ગ સમાન શ્રેષ્ઠ પ્રમાણ અને પ્રદાન નાગરોનું સાચું જવાહર છે.

૧૦. પ્રતિક : કલમ કડછી અને બરછી. કલમમાં કમલ સમાન કલામયતા, આગવી અને રોચક શૈલી, સંસ્કારોના યથેચ્ચિત રંગમિલાવટ કરતી મેઘધનુષીશૈલી. કડછી એટલે આચાર શુદ્ધિ અને આતિથ્ય સત્કારભાવનાનું પરંપરાગત સત્કાર સબરસ અને બરછી એટલે શૌર્ય,મર્દાનગી,સ્વાર્પણ અને રક્ષણનું અજોડ પ્રતિક. આ પ્રતિકો વડે નાગરો વિભુષિત છે.

આ સંદર્ભમાં સંસ્કૃત સુભાષિત પક્ષપાત વલણ દાખવ્યા સિવાય ટાંકવાનું મન રોકી શકાતું નથી. જે નીચે મુજબ છે.

વદનં પ્રસાદસદનં સદયં હૃદય સુધામુચે વાચ, કશ્રણં પયોપકરગં યેષાં કેષાં ન તે બન્દા

અર્થાત જેમનું મુખ પ્રસન્નતાનું ઘર છે. હૃદય દયાનું ઘર છે. વાણી અમૃતને વરસાવનારી છે. અને પરોપકાર એજ જેમનું નિત્યકર્મ છે. તેવા મનુષ્યો કોના માટે વંદનીય નથી?

આમ નાગરત્વના પ્રભાવે આજ સુધી પોતાનું વિશિષ્ટપણું જાળવી રહી છે. નાગરોમાં વિદ્યાભ્યાસની ઉચ્ચતમ પ્રણાલિકાનું ગૌરવપૂર્ણ અમી સિંચન,આદર્શધ્યેય અને સંસ્કારોનું પ્રતિબિંબ પાડતી વિશાળ અને આગવી જીવનદ્રષ્ટિ,નમ્રતા,વિવેક,વિનય અને સાદગીના વિશિષ્ટ ગુણોથી વિભુષિત,વિચક્ષણ,વિલક્ષણ અને વ્યવહારકુશળ જ્ઞાતિ તરીકે નાગરોએ તેમની ધ્યાનાકર્ષક નિરાળી લાક્ષણિકતાઓને કારણે આજે સન્માનનીય સ્થાન અદ્વિતિય અને અડગ જાળવી રાખ્યું છે. બુદ્ધિજીવી વર્ગમાં પણ નાગરોએ વિષયને અનુષંગે કે વિષયથી પર ઇતર બાબતો પરત્વે અનન્ય અને સિમાચિન્હરૂપ વિશિષ્ટ પ્રદાન અને પ્રમાણ વડે સામાજિક/કૌટુંબિક ભુમિકાએ પણ એટલું જ માનનીય સ્થાન શોભાવ્યું છે.પરંતુ નાગરોમાં ધીમે ધીમે પ્રવેશતા દેહદુર્બળતા અને દર્દો નાગર કોમને અન્ય કોમોની કક્ષાએ લાવી મૂકે છે.નાગરત્વનું અભિમાન ધરવું સહેલું છે. એ અભિમાન સફળ બનાવવા ફાળો આપવો એ એટલું સહેલું નથી.સહેજે ...ને પરિણામે નાગરોએ જુનો અમુલ્ય વારસાને મેળવ્યો છતાં બીજી કોમોને પડખે નાગરો પાછળ થતા જાય છે. નાગર એ સમાજનો આગેવાન હોય, સમાજનો શ્રેષ્ઠ પુરૂષ હોય,સમાજનો આદર્શ હોય તો તેણે સામાજિક બળોને ઓળખી એ બળોના વાહક થવું પડશે. શ્રી નર્મદે તેમ કર્યું, માટે જ શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇએ તેમને "નાગરત્વનો પ્રતિનિધી" એમ કહી બીરદાવ્યા છે. આ માટે જે સૌંદર્ય તનનું અને મનનું મળ્યું છે તેની જાળવણી કરવી પડશે. કંઠનો મળેલો વૈભવ પણ વિકસાવવો પડશે.જિહવાગ્રે વસેલ સરસ્વતીની પૂજા સતત કરતા રહેવું પડશે. બદલાતા સમય સાથે કદમ મિલાવવા પડશે. પોતાનું નિજત્વ જાળવી રાખીને પ્રલોભનથી અંજાયા વગર આળાપણુ ઓછું કરી સ્વમાનભેર જીવવાની કિંમત ચુકવી આગળ વધવું પડશે.

જ્ઞાતિને ગંગા કહી છે એમાં અપવિત્ર ચીજ વસ્તુઓ કે પ્રવાહ ભળે તો તે જેમ પવિત્ર થઈ જાય છે તેમ આ જ્ઞાતિમાં પવિત્રતાનો આંક એટલો ઊંચો રાખવો પડશે. સમાજને ઊંચે લઈ જવાનું કામ તો ગોવર્ધન પર્વત ઊંચકવા સમાન છે, એ કામ પુર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણનું છે પણ એમ કહી આપણાથી બેસી રહેવાય નહિં એ કામ નાગરોનું પણ છે.નાગરનર હારે નહિં કારણ કે નાગરો પાસે મુળભુત સંસ્કારધન છે એને ઓળખી એનામાં વિશ્વાસ રાખી શ્રદ્ધા કેળવી ઉભા રહેવાનું છે.

## વેકસીનનો વલોપાત

—દિપક બુચ—'નૈનં'—અમદાવાદ. મો. ૯૪૨૭૬૧૬૫૧૧

નવનીતનો ફોન આવ્યો : ડીપી, તું કહેતો હતો તેમ પછી ગઈકાલે વેકસીન મુકાવી આવ્યો ને? શું કે છ સાઈડ ઈફેક્ટ? વાંધો નથી ને કાંઈ?

ડીપી : 'હા, મુકાવી આવ્યો. વ્યવસ્થાએ સારી ને વેકસીન પણ સારી. ખાસ કંઈ અસર નથી, કે છે બે દિ'માં બધું સરાડે ચડી જાય છે તેમ બધા કહે છે. બાકી તો મને કોરોના થયેલ ત્યારથી હેન્ડબ્રેક મારેલી હોય ને જેમ કાર ચાલે, તેમ ગાડી ગબડયા કરે છે.

નવનીત : "તને પહેલેથી જ ઢીલું પોચું બોલવાની ટેવ છે. બાકી તો બકા, થોડું તો થાય ને? સાવ નાના હતા ત્યારે પણ બીસીજીની રસી ને માથે ગરમ ઘીના ચાબકા જીરવી ગયા હતા તે હવે આવડે શરીરે તો સહન થાય જને? હું પણ હવે લઈ જ લેવાનો છું"

ડીપી : " હા, લઈ જ લે. બાળપણ અને બુઢાપો સરખા તેમ સાચું જ કહયું છે ! રસીની દે ધનાધન!

હવે કે છે કંઈ નવો સ્ટ્રેઇન નીકળ્યો છે. રોગનું તો હવે ચેસની ગેમ જેવું થઈ ગયું છે! દર વર્ષે નવી રસી શોધવી પડશે ને કિંગ માત ન થાય તેમ સ્ટેપ્સ ભરવા પડશે!"


નવનીત : "હા હો લાગે છે તો તેવું જ. રોજ કેટલા કેઇસીસ? લોકડાઉન, કરફયુ, સોશિયલ ડિસ્ટન્સિંગ, સાબુ, સેનેટાઇઝર, માસ્ક, વર્ક ફ્રોમ હોમ, ઇમ્યુનિટી, કઈ રસી સારી વગેરે અંગે વાતો— ચર્ચા માટે જીભ અને કાન વાતાવરણને બહુ સારી રીતે એડજેસ્ટ થઈ ગયા છે!"

ડીપી : "સાચી વાત. પહેલાં અનાજ કઠોળ તેલ આખા વરસનું ભરતા તેમ હવે જથ્થાબંધ માસ્ક અને સેનેટાઇઝરના કેરબા ખરીદતા લોકો પણ જોવા મળે છે...લોકો બોલ્યા કરે છે : 'જો ડર ગયા સો મર ગયા' પણ ડરનો માહોલ યથાવત પ્રવર્તતો હોય તેવું લાગે છે."

નવનીત : હા હો, વરસ થયું પણ કાંઈ ગડ પડતી નથી, સૂઝતું નથી. દેડકા—કાચીંડાની માફક 'દર— ઘર'માં પડયા છીએ..તે બધા તો વર્ષમાં અમુક સમય કુદાકુદ કરી લે પણ આપણી તો એવી બધી છૂટછાટ ગઈ!

અરે, પહેલા રોજરોજ જિંદગી જીવવાના વિવિધ સલાહ—સૂચનો આવતાં ને હવે તેને બદલે ઉકાળા કોગળાના સૂચનો આવવા માંડયા ને હવે વેકસીન અંગે વેણ આવતાં જાય છે!

પ્રથમ વેકસીન લીધા પહેલાં અને લીધા પછી શું શું કરવું—ન કરવું, બીજી વેકસીન લીધા પહેલાં અને લીધા પછી શું શું કરવું—ન કરવું તેના લખાણો અને પીડીએફઓના પોટલાં મિડીયા માર્કેટમાં ઘૂમી રહયાં છે. વળી હમણાં કાંઇક ત્રીજા સુપર ડોઝનું પણ સાંભળ્યું! બાપુ, જામ્યું છે હો, વાતાવરણ! કોરોનાનું જબરૂક્ષેત્ર તો આપણું ફાર્માક્ષેત્ર!




ડીપી : "હતું કે આની ચર્ચા નથી કરવી, પણ કોરોનાએ તો મનને ઘડિયાળના લોલકની માફક 'આવર્તગતિ'માં જકડી લીધું છે! સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી તેમાં જ સબડયા કરવાનું!

જાનામિ ધર્મ...ન ચ મે પ્રવૃત્તિ,

જાનામિ અધર્મ..ન ચ મે નિવૃત્તિ જેવું છે, બકા!

ચાલ, આવજે. કાલ રસી મુકાવીને ફોન કરજે, જે હાથ દુઃખતો ન હોય તે હાથે."

## વાંસળી : આલેખન : તપન ઘનશ્યામભાઇ બુચ, વડોદરા. મો. ૭૦૧૬૯૧૨૨૭૧



(વલસાડથી વડોદરા સ્થાયી થયેલા સંગીત વિશારદ સ્વ.મુ. ઘનશ્યામભાઇ બુચ (મારા સસરા) એક શ્રેષ્ઠ બાંસુરીવાદક હતા. સંગીતને તેઓએ સાધના તરીકે અપનાવી જ્ઞાતિના અનેક બાળકોને નિ:શુલ્ક સંગીત ની શિક્ષા આપી હતી જેઓ આજે પણ તેમના ગુરૂને યાદ કરે છે. તેમના પુત્ર તપન(મારા સાળા)એ પણ પિતાશ્રી પાસેથી નાનપણથી જ બાંસુરીવાદનની તાલીમ મેળવી હતી. તેમની લગન અને આશીર્વાદના ફલસ્વરૂપે આજે તેઓએ જાણીતા વાંસળીવાદક તરીકે નામના મેળવી છે.અનેક સિદ્ધહસ્ત કલાકારો સાથે સંગત કરવાની તક મેળવી છે. શાસ્ત્રીય, સુગમ સંગીત, ફિલ્મી સંગીતની ધૂન દ્વારા જાહેર કાર્યક્રમો, લગ્ન પ્રસંગોમાં સોલો તથા નવરાત્રિ ગરબા મહોત્સવમાં અનેક વૃંદોમાં તેમની બાંસુરીના સૂર રેલાવી સૌને ડોલાવી રહયા છે. ભાઇ તપન પણ શોખ અને નિજાનંદ માટે સંગીત અપનાવેલ હોવાથી પ્રચાર– પ્રસારથી અલિપ્ત રહયા છે. લોકડાઉનના સમયનો સદુપયોગ કરી તેમણે વાંસળી સાથે કલમ પકડી અને વાંસળી ઉપર ગહન અભ્યાસ કરી વિસ્તૃત માહિતીસભર રસપ્રદ લેખ તૈયાર કરી મોકલ્યો, જે અત્રે પ્રકાશિત કરી રહયા છીએ.–તંત્રી)

સંગીતમાં ગાયનના સાહિત્ય માટે કહેવાયું છે કે 'કાના બીના ગાના નહિં' ભારતીય સંગીત, ચાહે શાસ્ત્રીય હોય, સુગમ હોય, લોકસંગીત કે પછી ફિલ્મી સંગીત હોય તેમાં કૃષ્ણ તો હોય જ. જેમ કૃષ્ણ વિના ભારતીય સાહિત્ય અધુરૂં તેમ વાંસળી વિના કૃષ્ણ પણ અધુરા. આવા પૂર્ણ પુરૂષોત્તમ અવતાર વાંસળી પર પસંદગી ઉતારે એમાં જ વાંસળીની મહત્તા પરખાય જાય.

શ્રી ગુણવંત શાહ કહે છે કે વાંસળી સૃષ્ટિ પર ધબકતી થયેલી માનવતાનું આદ્ય વાદ્ય છે.

સમગ્ર દુનિયામાં વાંસળી વિવિધ પ્રકારે અસ્તિત્વ ધરાવે છે અને વાદ્યોમાં અગ્રીમ સ્થાન ધરાવે છે. વાંસળીની ઉત્પતિ પણ કુદરતે કરી એમ મનાય છે. કિટકોએ વાંસના કોરેલા કાણાંમાંથી વહેતો પવન નાદ રેલાવે તેમાંથી વાંસળી અવતરી.

દુનિયમાં વાસળીના અવશેષો જે મળી આવ્યા છે એ હજારો વર્ષ પહેલાના હોય તેમ મનાય છે. વગાડી શકાય એવી વાંસળી હાથીદાંતમાંથી બનાવેલી છે.જે અત્યંત પ્રાચીન હોવા છતાં આજ સુધી વાંસળી લોકપ્રિયતાની ટોચે છે.શરૂઆતમાં લોકસંગીત અને ભજનમાં લોકવાદ્ય તરીકે પ્રચલિત નાની વાંસળી વાગતી. શાસ્ત્રીય વાંસળીના જનક પૂ. પં. પન્નાલાલ ઘોષે ૩૨'ની લાંબી વાંસળી નો આવિષ્કાર કરી શરૂઆતથી જ એને શાસ્ત્રીય સંગીતમાં ઉચ્ચ સ્થાન અપાવ્યું. ભારતમાં સામાન્ય રીતે ઉભી અને આડી તેમ બે પ્રકારની વાંસળી જોવા મળે છે.જેમાં આડી વાંસળીનું ચલણ વધારે છે.




વાંસળીની રચનામાં સીધી વાંસની પોલી નળી, ફૂંક મારવા માટે એક કાણું, ફૂંક રોકવા માટે ડટ્ટો અને સ્વરમ માટે છ કે સાત કાણા હોય છે. વાંસળી મુખ્યત્વે વાંસની જ પ્રચલિત છે. પણ ધાતુ, એબોનેટ પીવીસીની પણ બનાવાય છે. આમ જુઓ તો સરળ વાદ્ય એટલે સૂર મેળવવા લાંબો સમય ન લાગે. ઓછી સારસંભાળ, સુગમ હેરફેર વધારાના ઉપકરણો નહી પરંતુ સૂરમાં વગાડવા માટે ખૂબ જ અભ્યાસ માગી લે.વાંસળી દરેક ભાવને ઉજાગર કરવામાં સક્ષમ એટલે દરેક પ્રકારના સંગીત

ગયા કોઈ એ, મે પિયા તેરી, મેરે મિતવા, શ્યામ તેરી બંસી, તેરે મેરે હોઠો સે જેવાં ગીતો આજે પણ ગૂંજે છે. ફિલ્મના નાયકના હાથમાં વાંસળી વધુ જોવા મળે છે. ગીત, જાગ ઉઠા ઈન્સાન, ઓ માય ગોડ, બોમ્બેમાં વાંસળીની અને હીરોની એ સુવિખ્યાત ધૂન આજેય સંગીતપ્રેમીઓના સેલફોનને રણકાવે છે.

વાંસળીની લોકપ્રિયતામાં એના કલાકારોની લગન અને સમર્પણનો સિંહ ફાળો છે. શાસ્ત્રીય સંગીતમાં વાંસળીને સ્થાન અપાવનાર પૂ.પં.પન્નાલાલ ઘોષ,હરિપ્રસાદ ચોરસિયા,રઘુનાથ શેઠ, વિજય રાઘવરાવ, રાજેન્દ્ર પ્રસન્ના,રોનુ મજમુદાર,પ્રવીણ ગોલખીંડી અને કર્ણાટકી સંગીતમાં વિદ્વાન ટી. આર. મહાલિંગમ, એન રમણી, સિક્કલ સિસ્ટર્સ, શશાંકનું યોગદાન અપ્રતિમ છે.પાશ્ચાત્ય સંગીત માં પણ વાંસળીનું સ્થાન અલગ અને ટોચ પર છે. વેસ્ટર્ન કલાસીકલ, જાઝ, રોક વગેરેમાં વાંસળીનો ખૂબ ઉપયોગ થાય છે.મ્યુનિકના વાંસળીવાદક થિયોબોલ, બોહમે વાંસળીને વ્યવસ્થિત રૂપ આપીને સંગીતમાં સ્થાન અપાવ્યું. પાશ્ચાત્ય સંગીતમાં કોન્સર્ટ ફલુટ, રેકોર્ડર, પાનપાઈન્સ જેવા વાંસળીના વિવિધ રૂપો જોવા મળે છે. વિશ્વ વિખ્યાત વાંસળી વાદકોમાં જેમ્સ ગેલ્વે, જ્યોર્જ બરેરે, જીનપિયર રામપાલ હમ્ફરી વગેરેએ વાંસળીને શીર્ષ સ્થાન અપાવ્યું.આમ વિશ્વભરમાં વાંસળીનો નાદ ગૂંજે છે અને ગૂંજતો રહેશે.

ભાવનગર સમાચાર : શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડના ઉપક્રમે ગોઘા ખાતે શતાબ્દી વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે સંસ્થાના પ્રમુખશ્રી દધિચીભાઇ મહેતાના મુખ્ય યજમાન પદે હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની શાસ્ત્રોકત પૂજનવિધિ આચાર્યશ્રી વસંતભાઇ જોશી તથા અન્ય ભૂદેવોએ કરાવી હતી. આ પ્રસંગે સ.ગુ.નાગર પરિષદ મહામંડળના પ્રમુખ શ્રી નરેશભાઇ રાજા સહિત અમદાવાદ રાજકોટથી પણ જ્ઞાતિ મહાનુભાવો હાજર રહયા હતા.લઘુરૂદ્રને અંતે સ્વ.શ્રી હરકાંતભાઇ દિનકરરાય દેસાઈ પરિવારના સૌજન્યથી પ્રસાદી ભોજન રાખવામાં આવ્યું હતું.

શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડના મહિલા પાંખને ઉપક્રમે તા.૮/૩/૨૧ના રોજ વિશ્વ મહિલા દિન નિમિત્તે હરિનાગર નિવાસ ખાતે બહેનો માટે રમત ગમત, મ્યુઝિકલ ચેર,હાઉસી ગેમ, અંતાક્ષરીનું આયોજન થઈ ગયું. જેમાં ૩૦થી ૭૫ વર્ષ સુધીના ૫૦ જેટલાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રવર્તમાન પરિસ્થિતિમાં શારિરીક ચુસ્તતા સાથે માનસિક આનંદ મેળવ્યાં. અંતમાં સૌએ આઈસ્ક્રીમની લિજ્જત પણ માણી.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## લગ્ન વિષયક જાહેરાત :

આપ આપના સંતાનની લગ્ન વિષયક જાહેરાત તથા સુખ સંવેદનાના સમાચારો મો.નં. ૯૪૨૮૭ ૦૦૧૦૫ ઉપર વ્હોટસએપ દ્વારા લખી મોકલી શકો છો. જે વિના મૂલ્યે છે. – તંત્રી

(૧) એન્વાયર્નમેન્ટ એન્જીનીયર, જ. ૮/૧૯૯૧, ઉ. ૫'.૧૧" એન્વાયર્નમેન્ટ મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૭૩૪૭૪૦૮

(૨) બી.એસસી.,એલએલ.બી.(ચાલુ) જ. ૪/૧૯૯૮, ઉ. ૫'.૫" કન્યાને યુવક. સંપર્ક : ૯૪૨૮૨૨૧૫૯૯

(૩) માસ્ટર ડિગ્રી કમ્પ્યુટર સાયન્સ કેલિફોર્નીયા, જ. ૫/૧૯૯૨, યુ.એસ.માં નોકરી કરતા યુવકને યોગ્ય કન્યા.સંપર્ક : ૯૦૯૯૩૬૮૩૮૭

(૪) એમ.કોમ.,ઇન્ટર સી.એ., જ. ૧૦/૧૯૯૪ મુથુટ ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૮૪૪૧૦૭૮

(૫) એમ.બી.બી.એસ.,એમએચએમ., જ. ૧૧/૧૯૯૦,ઉ. ૫'.૨" (એક સગાઈ ફોક થયેલ છે) કન્યાને યુવક. સંપર્ક : ૯૪૨૬૭૦૮૯૯૫
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## ઋતુરાજની વધામણી : વસંતપંચમી

યુવાની એ જીવનની વસંત છે...મોહક અને ચંચળ, ગાંડી ને ઉદાર.

કુદરતમાં નવજીવન આવે છે. યુવાન દેહની નસેનસમાં નવું ચેતન સ્ફુરે છે.ઋતુરાજનું આગમન છે. યુવાનીનું મુહૂર્ત છે.

વસંત તો દર વર્ષે આવે છે, નિયમિત આવે છે. હમેશાં આવી છે એ રીતે ફરીથી આવી જાય છે. અને તોય આપણે દર વર્ષે નવી ઉત્સુકતાથી ને તાજા આનંદથી એની રાહ જોઈએ છીએ. નિત્ય અજાયબી છે. શાશ્વત નવીનતા છે.

અને યુવાની પણ દરેક માણસના જીવનમાં આવે છે. નિયત કાળે આવે છે. બીજાઓના જીવનમાં આવી હતી એ રીતે મારા જીવનમાં પણ આવી. અને મારા જીવનમાં આવી એ રીત નવા યુવાનોના જીવનમાં પણ આવે છે. તોપણ કોઈ નવા કિશોરના જીવનમાં યુવાની આવે છે ત્યારે નવા આશ્ચર્ય ને માન ને આનંદથી એની તરફ જોતા રહીએ છીએ. નૂતન ચમત્કાર છે. અનંત લહાવો છે.

ને આ યુવાન માણસ જયારે પોતાના દેહમાં નવી સ્ફૂર્તિ અનુભવે ને પોતાના મનમાં નવી મૂંઝવણો જુએ, જયારે એના દિલમાં નવી શકિત ઉદય પામે અને એના અંગેઅંગમાં નવો સળવળાટ પ્રસરે ત્યારે એને પણ નવાઈ ને ઉલ્લાસ ને ગભરામણ ને ગર્વ થાય. ને એનો અર્થ શો કરવો એ એને સમજાતું નથી. હવે આગળ શું કરવું એ તે નકકી કરી શકતો નથી. યુવાનીનો કોયડો જલદી એને હાથે ઉકેલાતો નથી.

યુવાન માણસ પોતાના કોયડા તરફ જુએ, પોતાના અંતર તરફ જુએ ત્યારે એને કંઈ સમજાતું નથી. તો એ હવે જરા બહાર તરફ નજર કરે તો ? કુદરતના કોયડા તરફ જુએ તો ? વસંતના પ્રશ્ન એ સમજશે તો પોતાનો પ્રશ્ન આપોઆપ સમજાઈ જશે. ફૂલને ખીલતાં શું લાગે છે, પવનને વહેતાં શું થાય છે ? સુગંધનું રહસ્ય શું, લહેરીઓનું લક્ષ શું? પક્ષીઓના ગાનનો અર્થ શો ? સૂર્યકિરણોનો સંદેશ શો ? ધરતી ઉપર એકદમ નવું જીવન પાંગરે ત્યારે ધરતીને શું લાગે ? સમગ્ર સૃષ્ટિ શું કરે ? વસંતનો પ્રશ્ન છે. યુવાનીનો પ્રશ્ન છે. કુદરતનો પ્રશ્ન સમજીને યુવાન માણસ પોતાના જીવનનો પ્રશ્ન સમજી શકશે. વસંતના સંગીત સાથે હૃદયવીણાના તાર મિલાવીને નવજુવાન પોતાના જીવનનું ગીત ગાઈ શકશે.

કેટલાક પ્રાંતમાં વસંતપંચમીને દિવસે કાગળનો બિલકુલ ઉપયોગ ન કરવાનો રિવાજ છે. લખવાનું બંધ ને વાંચવાનુંય બંધ. એ દિવસે ઘેર તાર આવે તો એ રાખીને મધરાત પછી જ વાંચવાનો આગ્રહ પણ છે અને કંઈ લખવાની ફરજ પડે તો પથ્થર ઉપર કોલસાથી જ લખવાનો ઉપાય લેવાય. વસંતના આગમનને દિવસે કાગળ ને પુસ્તકો ને લખાણથી દૂર રહેવાનો આદેશ છે, તો શું એનો મર્મ એ ન હોય કે રોજના અભ્યાસ–ધંધામાંથી ને રોજનાં છાપાં–ટપાલ–હિસાબના વૈતરાંમાંથી નજર ઊંચી કરીને જરા બહાર જોઈએ, કુદરત તરફ જોઈએ, વસંત તરફ જોઈએ અને એની પ્રેરણાથી આપણા જીવનમાં પણ તાજગી અને ઉત્સાહ લાવીએ ? આપણે વાંચવાનું ને લખવાનું ભલે ચાલુ રાખીએ, પણ વસંતના પાઠ શીખવા જરૂર પ્રયત્ન કરીએ.

વસંત સુંદર છે, મોહક છે. બધાંને ગમે છે, બધાને આકર્ષે છે. શિયાળાની ઠંડી નથી, ઉનાળાની ગરમી નથી. વાવેતરનો શ્રમ નથી, લલણીની મજૂરી નથી. લીલાં ખેતર, ખુશનુમા હવા, નિરભ્ર આકાશ.

યુવાની પણ આકર્ષક છે. સૌ કોઈને ગમે છે. નાનો છોકરો એની રાહ જુએ છે. ઘરડો માણસ એને યાદ કરે છે. બંને યુવાન માણસની ઈર્ષા કરે છેઃ 'હું મોટાભાઈ જેવો કયારે થઈશ? અથવા 'હું તારા જેવો યુવાન હતો ત્યારે'... ફકત એ યુવાન માણસ પોતે પોતાની યુવાનીની કદર કરતો નથી, એની પૂરી કિંમત સમજતો નથી.

છોકરો પોતાની ઉંમર કહે ત્યારે હિસાબમાં એકાદ વર્ષ વધારે નાખીને કહે. પ્રૌઢ માણસ પોતાની ઉંમર કહે ત્યારે થોડાં વર્ષ ઓછાં કરીને કહે. બંનેની દ્રષ્ટિ યુવાની તરફ છે. એકને એમાં જલદી પહોંચવું છે. બીજાને એમાં કાયમ રહેવું છે, શકય હોય તો એમાં પાછા જવું છે. પણ એમાં પહોંચી ચૂકેલો અને આજે ભરજુવાનીમાં આવેલો યુવાન તો એમાં અસ્વસ્થ છે, અધીરો છે, અસંતુષ્ટ છે.

ને એનું કારણ છેઃ યુવાની મોહક છે પણ ચંચળ પણ છે. અસ્થિર, અશાંત, બેચેન પણ છે.

હા, વસંત પણ ચંચળ છે...વસંતમાં નિયમ નથી, ક્રમ નથી, સ્થિરતા નથી. વસંત મનમોજી છે, સ્વચ્છંદી છે, સ્વૈરવિહારી છે. શિયાળામાં ઠંડા પવન વાય, ઉત્તરથી પવન વાય. ઉનાળામાં ગરમ પવન વાય, દક્ષિણથી પવન વાય. પણ વસંતમાં ઘડીક ઠંડો ને ઘડીક ગરમ પવન વાય, ઘડીક ઉત્તરથી ને ઘડીક દક્ષિણથી, અરે, ચારે દિશાએથી વાય. એકધારો તાપ નથી, એકધારી ઠંડી નથીઃ એકધારો વરસાદ નથી, એકધારો તડકો નથી. કહેવાય નહિ. બંધાય નહિ. વસંત એ બે સ્થિર ઋતુ વચ્ચેનો સેતુ છે, કડી છે, માટે બંનેનાં લક્ષણ એમાં આવે છે, મિશ્રિત થાય છે.

યુવાની પણ સેતુ છે. બાળક ને પુરુષ વચ્ચે, બાળપણ ને પ્રૌઢતા વચ્ચે. તેથી એમાં બંનેનાં લક્ષણ છે, શંભુમેળો છે. ઘડીક ઉલ્લાસ ને ઘડીક નિરાશા. ઘડીક છોકરવાદ ને ઘડીક ગંભીરતા. પવન ગમે ત્યાંથી વાય. લહેર ગમે ત્યાં ઊડે. ને યુવાન માણસ એની વચ્ચે અથડાય, કુટાય. હું કોણ ? હું કેવો ? ઘેર હજુ મને 'બાબો' કહે છે, પણ પોળમાં હું મંડળનો મંત્રી ચૂંટાયો છું. હોઠ ઉપર મૂછ નથી પણ દિલમાં પ્રબળ વાસના છે. ખિસ્સામાં પૈસા નથી પણ મનમાં ઉચ્ચ મહત્વાકાંક્ષા છે. મોટેરાઓની વાતોમાં રસ પડે છે, પણ છોકરાઓની રમતોમાં પણ રસ પડે છે. મિશ્રણ છે, અથડામણ છે, સંક્રાંતિ છે. હા, યુવાની છે, પરિવર્તનનો કાળ છે. ચંચળતાની ઋતુ છે. આશ્વાસન એટલું જ કે વસંતની લહેર વિના ઉનાળાની સ્થિરતા ન આવે...ને વસંતનું હજુ બીજું લક્ષણ. વસંત ઉદાર છે. ઉડાઉ જ છે. ફૂલો આપે તે હજારો આપે, બીજ આપે તે કરોડો આપે. કેટલાં ખોવાઈ જશે એની ચિંતા નહિ. કેટલાં કરમાઈ જશે એની પરવા નહિ. આપે તે છૂટે હાથે આપે, ગણ્યા વગર આપે, ઉદાર દિલથી આપે.

યુવાની પણ ઉદાર છે, દાનશીલ છે, બલિદાનધર્મી છે. તે કરકસર કરતાં હજુ શીખી નથી, ને કંજૂસાઈ કરવી એના સ્વભાવમાં જ નથી. તે આપે ત્યારે આખું આપે,પૂરું આપે,ગણ્યા વગર આપે, તોળ્યા વગર આપે. આપવામાં જ ધન્યતા છે. વસંતની જેમ કુદરતનું દાન કરવામાં જીવનની સાર્થકતા છે.

એ લક્ષણ જો યુવાન માણસ પોતાના દિલમાં ઓળખે, કેળવે, વિકસાવે તો એની યુવાની ખરેખર મંગળ થશે,અને મૂંઝવણમાં નાખનારાં બીજા લક્ષણ અપલક્ષણની ભુલભુલામણીમાંથી એ વિજયવંત નીકળી શકશે. ઉદારતા, વિશાળતા, પ્રેમ કરવામાં, વિશ્વાસ કરવામાં સેવા કરવામાં.એ યુવાનીનો સંસ્કાર છે...એ જીવનનો ધર્મ છે...એ વસંતઋતુમાં કુદરતનો પરચો છે.

ઋતુરાજની વધામણી ખાઈને તેનો એ મંગળ સંદેશ ફૂલોને પક્ષીઓ ને લહેરીઓ ને ઝરણીઓની પાસે શીખીએ અને તે જીવનમાં ઝીલતા રહીએ. (ફાધર વાલેસના પુસ્તક 'પર્વોત્સવ'માંથી સાભાર).

જીવન વિમો તમારા માટે નથી,
એ એમની માટે છે જેને તમે બેહદ પ્રેમ કરો છો..
જી હા, વિમા ક્ષેત્રમાં વર્ષોના અનુભવી એવા
શ્રી પાર્થેશ નાણાવટી આપના અને
આપના પરિવાર માટે વિમા રોકાણ,
ઈન્વેસ્ટમેન્ટ બાબતોને સરળ કરવા સેવાકૃત છે.

♦ટર્મ પ્લાન ♦ બાળ યોજના,
♦ગેરેન્ટેડ ગવર્નમેન્ટ વળતર,
♦માર્કેટ આધારીત પ્લાન♦ બીઝનેસ ઈન્સયુરન્સ
♦પેન્શન/રીટાયરમેન્ટ પ્લાન,
♦માસિક આવક યોજના વગેરે...

તો આજે જ સંપર્ક કરો, કોલ કરો અથવા
વોટ્સએપ કરો : પાર્થેશ નાણાવટી–રાજકોટ
મો. ૯૯૦૪૨૦૦૨૦૪

**તમારી આજને સમૃદ્ધ, કાલને સુરક્ષીત બનાવો**




...હવે તો આપણે સૌ નિયમિત યોગાભ્યાસ નું મહત્વ સમજી ગયા છીએ
...આ કોરોના કાળમાં નિયમિત યોગ આપણને આવા અનેક રોગ સામે રક્ષણ આપે છે.

યોગ સાધનો સાથે...
કેમ સાધનો સાથે?...

કારણકે શરીર અકડાઈ ગયું હોય... જો આસન ન થાય તો શરીરમાં અસર કેવી રીતે મળે? માટે સાધનો સાથે યોગ કરવાથી શરીરનું તંત્ર બરાબર ચાલે.

...ક્યાંય ગયા વગર આપના ઘેર જ યોગના વિવિધ આસનો, વિવિધ કસરતો નો લાભ મળે તો કેવું સારું!

અને એટલે જ અમે શરૂ કરીએ છીએ

**"Online Yog Classes"**
by Harsiddhi Avashia
**From 13th July, 2020 Monday**

**Timings : ( Monday to Friday)**
10:00 AM to 11:00 AM ( Morning)
4:30 PM to 5:30 PM ( Evening)

**To register and get more details, whatsapp us ( Your Name and Suitable Batch Time ) on :

**+91 9377198368**

**Note: Classes will be conducted on Google Meet Application**

આપના ઘર કે ઓફીસને કલરકામ
કરાવી આકર્ષક રૂપરંગથી સજાવવા..
નવા તથા જૂના ઘરને...


- ❖ કલરકામ
- ❖ રીનોવેશન
- ❖ વોટરપ્રુફીંગ
- ❖ સ્પેશ્યલ કોટીંગ કલરથી

આકર્ષક અને ટકાઉ બનાવવા અમારો સંપર્ક કરશો..

❖ બજારભાવ કરતાં વ્યાજબી ભાવની ખાત્રી...

જયેશ વસાવડા – નિર્મળ કલર (અમેરિકન કલર)
મો. ૯૮૯૮૧૭૦૮૧૩/૯૦૬૭૪૯૩૧૧૭

રાજકોટમાં નાગરી સ્વાદના ભોજન માટે
ટીફીન સર્વિસ...
સંપર્ક કરો : બ્રીન્દા નાણાવટી
દર્શન પાર્ક સોસાયટી, પેરેડાઈઝ હોલ સામે
બાપા સીતારામ ચોક, રાજકોટ
મો. ૯૯૭૮૯૦૮૭૫૭



અમદાવાદમાં ચાંદખેડા, ઘાટલોડિયા, ગોતા,
રાણીપ, સોલા તથા વસ્ત્રાપુર વિસ્તારમાં
ટીફીન સર્વિસ...
સાંઈનાથ ટીફીન
સંપર્ક : હિરેન માંકડ
મો. ૯૯૯૮૯૬૪૧૯૦